સુવિચાર
આત્માને પણ સતત ઝળહળતો રાખુ છું સદા, રોશની માટે બધો આધાર દીવા પર નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૬/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ,
દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ જેઠ સુદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૧૫૧

## ભીમ અગિયારસનાં પવિત્ર દિને કુદરતની કૃપા વરસી

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં અમી છાંટણા

**વડિયા પંથકમાં સવા ઈંચ જેટલા વરસાદથી સૌ કોઈ ખૂશીથી ઝુમી ઉઠયા**

**બાબરા ઉપરાંત ચમારડી, ખાખરીયા, દેવળીયા સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડયો**

**ધારીનાં વીરપુર, ઈંગોરાળા, જીરા, ડાભાળી, ગોવિંદપુરમાં પણ વરસાદ પડયો**

**લાઠી, લીલીયા સહિતનાં વિસ્તારમાં પણ વરસાદ પડતાં ગ્રામ્ય વિસ્તારમાં ઠંડક પ્રસરી**






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૬

અમરેલી જીલ્લામાં આજે ભીમઅગિયારસનુંશુભમુહૂર્તમેઘરાજા સાચવતાહોયતેમઆજેજિલ્લાનાકેટલાંક ભાગોમાં વરસાદની શરૂઆત થતાં આગામીદિવસોમાંવધુવરસાદપડેતેવી જગતાતમાં આશા જોવા મળી રહી છે. ત્યારે વડિયા પંથકમાં સવા ઈંચ તથા બાબરામાં ૧ મી.મી. વરસાદ નોંધાયો છે. જયારે અમરેલી, ધારી, લાઠી તથા લીલીયાના ગ્રામ્ય વિસ્તારમાં હળવા ઝાપટાં પડયા હતા.

આજે સાંજના સમયે વાતાવરણમાં બપોર બાદ બાદ પલટો આવતાં વડિયા શહેર તથા આજુબાજુના ગ્રામ્યવિસ્તારના વિસ્તારમાં વરસાદપડયો હતો. આજે પડેલા વરસાદથી આગામી દિવસોમાં વધુ વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત ધારી તાલુકામાં પણ વરસાદી ઝાપટા પડયા હતા જેમાં ધારી ગીરના વીરપુર, ઈંગોરાળા, જીરા, ડાભાળી, ગોવિંદપુરમાં વરસાદી ઝાપટા પડતા લોકોમાં ગરમીમાં રાહત અનુભવી હતી.

લાઠી પંથકમાં પણ આજે ઢળતી સંધ્યાએ વરસાદ ખાબકયો હતો જેમાં લાઠી શહેર સાથે લીલીયા પંથક તથા લાઠી ગ્રામ્ય વિસ્તારના ટોડા, રામપર, તાજપર, દૂધાળા, આસોદર, કેરીયા, નાના રાજકોટ, કરકોલીયા ગામોમાં વરસાદ પડયો હતો.

બાબરામાં આજે સમી સાંજે જોરદાર વરસાદ પડી જતા શહેરની બઝારમાં પાણી વહી ગયું હતું અને બાબરા ગામની સોસાયટીમાં બાળકોએ વરસાદની મજા પણ માણી હતી. આ વર્ષે ભીમ અગિયારસનું સુકન મેઘરાજાએ સાચવી લેતા સારા વરસાદની ખેડૂતોને આશા બંધાય છે. બાબરા શહેર ઉપરાંત નિલવડા, ચમારડી, ખાખરીયા, દેવળીયા, વાવડી, ઉંટવડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ પડયો હોય. હાલ ખેડૂતો ચોમાસા ઋતુને ધ્યાનમાં રાખી ખેતરમાં વાવણી કરવા માટે તૈયાર કરી રાખેલ છે. ત્યારે આગામી દિવસોમાં સારો વરસાદ પડે એટલે ખેડૂતો વાવણીના શ્રીગણેશ કરવાની રાહમાં તૈયાર છે.

## સાવરકુંડલાનાં એક યુવકનો રીપોર્ટ પોઝિટીવ

# અમરેલી જિલ્લામાં કોરોનાનો વધુ ૧ કેસ મળી આવતા તંત્ર એલર્ટ

**યુવકની યુધ્ધનાં ધોરણે સારવાર શરૂ**

અમરેલી, તા. ૬

સૌરાષ્ટ્ર ગુજરાતમાં કોરોના કેસ દિવસે દિવસે વધી રહ્યા છે. ત્યારે અમરેલી જિલ્લામાં આજે કોરોનાનો બીજો કેસ મળી આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી જવા પામેલ છે.

સાવરકુંડલા ગામે આવેલ ખાદી કાર્યાલય નજીક રહેતા એક ૨૯ વર્ષિય યુવકમાં કોરોનાના લક્ષણો જોવા મળતાં તેમની તાત્કાલિક લેબોરેટરી તથા અન્ય મેડીકલ પરીક્ષણ કરવામાં આવતાં તેમનો રીપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યાનું આરોગ્ય વિભાગે જણાવેલ છે. જયારે યુવકને તાત્કાલિક ધોરણે સારવારમાં ખસેડાયેલ છે.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી
'ભોજલરામ ભવન', રાજ મહેલ રોડ,હેડ-ઓફિસ, અમરેલી.ફોન નં.૦૨૭૯૨-૨૨૨૬૦૧,
ઈ-મેઈલ : ho@ajmsbank.com / વેબસાઈટ : www.ajmsbank.com
:: ત્રીજો પ્રયત્ન ::
બેંકની તા.03-01-૨૦૨૫ ની બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગના ઠરાવ નંબર-૫૮૫ થી સાવરકુંડલા રોડ પરના એ.પી.એમ.સી.,અમરેલીમાં આવેલ બેંકની હેડ ઓફીસ, અમરેલીના પ્લોટની જમીન વેચાણ કરવા માટે ટેન્ડર
આથી રસ ધરાવનાર તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ બેંકની સાવરકુંડલા રોડ પરના એ.પી.એમ.સી., અમરેલીમાં આવેલ બેંકની હેડ ઓફીસ,અમરેલીના પ્લોટ નં.-૨ સર્વે નં.૩૦/૧-૬ ની વાણીજય વપરાશની કુલ જમીન ૨૬૯૬.૩૭ ચો.મીટર પૈકી ૩૮૩.૬૩ ચો.મીટર જમીન બેંક વાહન પાર્કિંગ અને બ્લોક પેવિંગ અને બાકીની બેંકને ફાળવેલ ૨૩૧૨.૭૪ ચો.મીટર જમીન માલીકી હકકથી વેચાણ કરવા બેંકે નિર્ણય કરેલ હોવાથી સદર વર્ણનવાળી જમીન જોવા માટે બેંકની હેડ ઓફીસ, અમરેલીના શ્રી બી.એસ.કોઠીયા, જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) મોબાઈલ નં.૯૮૨૫૨ ૩૫૪૭૫ નો સંપર્ક કરવાનો રહેશે. જમીન ખરીદવા રસ ધરાવતા ઈસમોએ દિન-૧૫ એટલે કે તા.૨૧/૦૬/૨૦૨૫ સુધીમાં બેંકના ચાલુ દિવસે ઓફિસ અવર્સ દરમ્યાન ટેન્ડર બંધ કવરમાં હેડ ઓફિસ, અમરેલી મુકામે અમોશ્રીને રૂબરૂ રજુ કરવા અને ટેન્ડર સાથે રૂા.૧,૦૦,૦૦૦/-(અંકે રૂા. એક લાખ પુરા) ડિપોઝીટ પેટે તથા પાનકાર્ડ અને આધારકાર્ડની નકલ સાથે બેંકમાં જમા કરાવવા આથી જાણ કરવામાં આવે છે અને ટેન્ડરની નકલ હેડ ઓફીસ, અમરેલીમાંથી મેળવી લેવાની રહેશે.
(બી.એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લિ., અમરેલી.

તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે
અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ-વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.
સાડા પાંચ વીઘા જમીન, ૧૫×૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેકટ્રીક લાઈટ કનેકશન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.
સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૬/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::– ધો–9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
Foundation ની તૈયારી કરશે.
Advance Maths-Science, રીઝનીંગ English
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલશીપ મેળવી શકશે.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પક હેતુલક્ષી પ્રશ્નો ::
15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA
FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
Smart Board ધરાવતા કલાસ..
અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## સ્ટાફ નથી, સાહેબ નથી, પછી આવો, તમારી ફાઈલ સાહેબની સહિમાં છે તેવા અગણિત જવાબો મળે

# આ તે કેવી લોકશાહી : જનતા જનાર્દનને સરકારી કચેરીઓમાં ધક્કા જ ખાવાના !

**જેનાં પરસેવાનાં પૈસાથી સરકારી કર્મચારીઓનો પગાર થતો હોય તે જનતા થાય છે પરેશાન**

**મોટાભાગની સરકારી કચેરીઓમાં સરકારી કર્મચારીઓનાં એક સરખા જ જવાબ મળી રહ્યા છે**

**આરટીઓ, પાલિકા, સિટી સર્વે, પીજીવીસીએલ, એસ.ટી. સહિતનાં અગણિત વિભાગોમાં પરેશાની જોવા મળે**

**ધારાસભ્ય અને સાંસદ વેશ પલ્ટો કરીને તપાસ કરે તો સઘળી હકીકતો જાણી શકે**

અમરેલી, તા. ૬

આમ તો અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં લોકશાહી શાસન ચાલતું હોવાનું સૌ માની રહ્યું છે. પરંતુ અમરેલીની અનેક સરકારી કચેરીઓમાં કર્મચારીશાહી ચાલતી હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

અમરેલીની નગરપાલિકા, એસ.ટી., આરટીઓ, સિટી સર્વે, જનસેવા કેન્દ્ર, પીજીવીસીએલનું ફોલ્ટ સેન્ટર સહિતની સરકારી કચેરીઓમાં કોઈ અરજદાર પ્રવેશ કરે અને તુરત જ તેનાં કામનો નિકાલ થાય તેવું બનતું જ નથી.

સરકારી કચેરીમાં ટેબલ–ખુરશી પર બિરાજમાન વર્ગ–૩નાં કર્મચારી મોટા અધિકારી હોય તેમ મન હોય તો નહી તો સામુ પણ જોતા નથી અને તેઓને કોઈ અરજી આપો એટલે વાંચ્યા વગર આમા તમારે આટલા કાગળ જોડવા પડશે અને જો પુરતા પ્રમાણમાં કાગળ હોય તો કહે બે દિવસ પછી આવજો અને અરજદારનાં ધરમધકકાનો શુભારંભ થાય.

બાદમાં દર બે–ચાર દિવસે અરજદારને જવાબ મળે કે સાહેબ રજા ઉપર છે, સાહેબ મિટીંગમાં છે, થોડા દિવસ રાહ જુઓ માટે અન્ય ટેબલનો પણ ચાર્જ સંભાળવો પડે છે, સાહેબ સમક્ષ સહિમાં મુકેલ છે આવા ગણિત સાચા–ખોટા જવાબો અરજદારને મળતા જોવા મળી રહ્યા છે.

જો કે અમુક સરકારી કચેરીઓમાં કામ સરળતાથી થઈ જાય છે. અનેક સરકારી કચેરીઓમાં કોઈ વગદાર વ્યકિત કે રાજકીય આગેવાનની ભલામણ થાય પછી અને અમુક કામ વચેટિયાની મદદ વગર પૂર્ણ થતા નથી તે હકીકત છે.

જો કે જિલ્લાની મોટાભાગની સરકારી કચેરીઓમાં પુરતા પ્રમાણમાં કર્મચારીઓ જ નથી. આઉટસોર્સ કે ફિકસ–પે થી ભરતી થયેલ યુવાનો અરજદારોનાં કાર્યોનો નિકાલ કરવામાં ગંભીરતા દાખવતા ન હોય તેવું પણ જોવા મળી રહ્યું છે.

અમરેલીનાં ધારાસભ્ય અને સાંસદે થોડા–થોડા દિવસોનાં અંતરે વેશપલ્ટો કરીને સરકારી કચેરીમાં અરજદાર બનીને જવાની જરૂર છે અને જનતા જનાર્દનને પડતી તકલીફ દૂર કરાવવી જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

---

### ચેરમેન હસુભાઈ પોપટનાં અધ્યક્ષ સ્થાને

## બાબરા નાગરિક સહકારી બેન્કનાં બોર્ડ ઓફ ડાયરેકટર્સની બેઠક મળી

**નવા શેર, લોન સહિતનાં મુદ્દે નિર્ણય લેવાયો**

બાબરા, તા. ૬

બાબરામાં નાગરિક સહકારી બેન્કમાં નવનિયુકત બોડી દ્વારા બેન્કના વિકાસ તેમજ સભાસદોના હિત માટે ઝડપી નિર્ણય લેવામાં આવી રહ્યા છે જેના કારણે બેંકના સભાસદોમાં આનંદની લાગણી સાથે રાહત જોવા મળી હતી.

નાગરિક બેંકમાં પૂર્વમાં સી સી લોન તેમજ ટર્મ લોન મર્યાદા ૩૦ લાખની હતી તેમ છતાં ૧૫ લાખ આપવામાં આવતા હતા જેના કારણે ધંધા રોજગાર સાથે જોડાયેલા વેપારીઓ તેમજ જીનિંગ ઉધોગપતિઓ ખુબજ મુશ્કેલીઓ પડતી હતી.

ત્યારે નાગરિક સહકારી



બેન્કની વર્તમાન બોડી દ્વારા જુના પ્રશ્નનો કાયમી ઉકેલ કરી સીસી લોનમાં ૪૫ લાખ અને ટર્મ લોન ૪૫ લાખ આપવાનું શરૂ કરવામાં આવતા બેંકના વેપારી સભાસદોમાં ખુશી લાગણી વ્યકત કરી રાહત અનુભવી હતી.

બેંકમાં ચેરમેન હસુભાઈ પોપટે જણાવ્યું હતું કે નાગરિક બેન્ક એ સભાસદોની બેન્ક છે ત્યારે બેન્ક સભાસદોને કેવી રીતે ઉપયોગી થઈ શકે તે દિશામાં બોર્ડ ઓફ ડિરેકટર કામ કરી રહ્યા છે આજની બેઠકમાં લોન મુદ્દે ચર્ચા કરી નિર્ણયો કરવા આવ્યા હતા અને આગામી દિવસોમાં નવા શેર પણ બહાર પાડવામાં આવશે જેથી વધુમાં વધુ લોકો નાગરિક સહકારી બેન્ક સાથે જોડાય અને વ્યવહાર કરતા થાય તેમજ આગામી રવિવારના રોજ બેન્કના તમામ સભાસદોને ભેટ વિતરણનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે તેવું અંતમાં જણાવ્યું હતું.

---

### દેશનાં ગૌરવસમા સિંહો કયાં ફરે છે તેની વનતંત્રને ખબર નથી

## રાજુલાનાં વીકટર નજીક મોડી રાત્રિએ હાઈવે ઉપર ૨ થી ૩ સિંહો આવી જતાં વાહનચાલકોમાં ફફડાટ

**અવારનવાર સિંહો હાઈવે ઉપર આવી જતાં જોવા મળી રહ્યા છે**




રાજુલા, તા. ૬

રાજુલા–જાફરાબાદ વિસ્તારમાં ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર રાત્રિના સમયે એક અસામાન્ય ઘટના બની હતી. વિકટર નજીકરથી ૩ સિંહો અચાનક હાઈવે પર આવી જતાં વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો. વાહનચાલકોએ સમયસૂચકતા વાપરીને બ્રેક મારતાં મોટી દુર્ઘટના ટળી હતી. અમરેલી જિલ્લો ગુજરાતમાં સૌથી વધુ સિંહોની વસ્તી ધરાવે છે. આ વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર ૨૪ કલાક વાહનોની અવરજવર રહે છે. સિંહોના હાઈવે ક્રોસિંગના આ બનાવનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો છે.

વારંવાર બનતી આવી ઘટનાઓએ સિંહોની સુરક્ષા અંગે ચિંતાજનક પ્રશ્નો ઉભા કર્યા છે. ધમધમતા હાઈવે પર સિંહોના રોડ ક્રોસિંગ દરમિયાન અકસ્માતનું જોખમ રહે છે. વન્યજીવ નિષ્ણાંતો અને સ્થાનિક લોકો સિંહોની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવાની માંગ કરી રહ્યા છે. જોકે રાજુલા તાલુકામાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ તો બનવા પામે છે હજુ બે દિવસ પહેલા જાફરાબાદ તાલુકાના દુધાળા બ્રિજ નીચે સર્વિસ રોડ પર અજાણ્યા વાહન હડફેટે દીપડાના બચ્ચાનું અકસ્માતમાં મોત થયાનું જાહેર થયેલ. ત્યારે આ હાઈવે પર બનતી અકસ્માતની ઘટનામાં વનતંત્ર યોગ્ય કરે તેવી લોક માંગણી ઉઠવા પામેલ છે.

---

### સખી વન સ્ટોપ સેન્ટર વૃધ્ધા માટે બન્યું આશીર્વાદરૂપ

## અમરેલી : મધ્યપ્રદેશની વૃધ્ધ મહિલાનું વ્હાલસોયી દીકરી સાથે કરાવ્યુ મિલન

**૩૬૫ દિવસ અને ૨૪ કલાક વન સ્ટોપની કામગીરી**

અમરેલી, તા. ૬

સરકાર દ્વારા મહિલાઓ અને શોષિતો માટે સખી વન સ્ટોપ સેન્ટર ચલાવવામાં આવે છે. જે મહિલાઓ માટે આશીર્વાદ સમાનની કામગીરીઓ કરતું હોય છે. અમરેલી ખાતે ૧૮૧ દ્વારા મહિલા હેલ્પલાઈન પર મળી આવેલા વૃધ્ધાને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા ને સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા ૨ દિવસમાં વ્યોવૃધ્ધ મહિલાનું કાઉન્સેલિંગ કરીને અધકચરી યાદદાસ્ત ધરાવતા વૃધ્ધાનું દીકરી સાથે મિલન કરાવેલ હતું. જાણવા મળતી માહિતી પ્રમાણે મધ્યપ્રદેશના ધાર જિલ્લાના કૃષી તાલુકાના સુસરી ગામની વ્યોવૃધ્ધ મહિલા અગાઉ ગુજરાતમાં મજૂરી કામ અર્થે આવેલ હતા ને ફરી પાછા મધ્યપ્રદેશ જતા રહેલા મધ્યપ્રદેશમાં મહિલાને દીકરાઓ ન હોય દીકરીઓ અને જમાઈ સાથે રહેતા હતા પણ દીકરી જમાઈ સાથે અણબનાવ બનતા વ્યોવૃધ્ધા મહિલા મધ્યપ્રદેશમાંથી ફરી અમરેલી પહોંચ્યા હતા. અમરેલીના રાજુલા પહોંચીને પહેલા જે ગામમાં મજૂરી કામ કરતા તે ગામનું નામ ભૂલી ગયેલા અને અલગ અલગ ભાષાઓ બોલતા હોવાથી રાજુલાના કોઈ વ્યક્તિએ ૧૮૧ ને જાણ કરીને સખી વન સ્ટોપ સેન્ટર



ખાતે આ વૃધ્ધાને ખસેડવામાં આવ્યા હતા. ત્યારે મહિલા બાળ વિકાસના અધિકારી શૈલેષ કણજારીયાના માર્ગદર્શન તળે કેન્દ્ર સંચાલક રત્નાબેન ગૌસ્વામી અને કર્મચારીઓ દ્વારા કાઉન્સિલિંગ કરવામાં આવ્યું પણ ગુજરાતી ભાષા અદાકચરી બોલતા હોય અને અન્ય ભાષામાં સમજી શકતા ન હોવાથી વૃધ્ધનો સમાન ચેક કરતા એક મોબાઈલ નંબર મળી આવેલો જે વૃધ્ધ મહિલાના દિકરીના દીકરાનો હતો. તેના પરથી ઓળખાણ થઈ અને વૃધ્ધાની દીકરી અને જમાઈ આ વૃધ્ધ મહિલાનો સ્વીકાર કરવાનો ઈનકાર કરતા વૃધ્ધા મહિલાની અન્ય એક દીકરી રાજુલા તાલુકામાં હોવાની વિગતો સખી વન સ્ટોપ સેન્ટરને મળી હતી પણ ગામનું નામ ગોવિંદડી બોલતા હોવાથી રાજુલાના સેવાભાવી યુવાનોને જોડીને ૨ દિવસ સુધી મહેનત કરીને આ ગોવિંદડી ગામ એટલે વાવેરા નજીક આવેલ હતું. ત્યાં દીકરી સંગાથે અમરેલી સખી વન સ્ટોપ સેન્ટરની ટીમ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટરની ગાડીમાં પહોંચાડયા હતા ને પરિજનો સાથે સુખદ મિલન કરાવતા ગામના સરપંચ સહિતના લોકોએ અમરેલી સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરીની સરાહના કરી હતી ને આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારે શોષિત મહિલાઓ કે અન્ય કોઈ પીડિત મહિલાઓ માટે અમરેલીનું સખી વન સ્ટોપ સેન્ટર ૩૬૫ દિવસ અને ૨૪ કલાક કાર્યરત હોય છે. તો શોષિતો, પીડીત મહિલાઓ સંપર્ક કરી શકે તેવું સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

## અમરેલી : તા. ૨૭ જુને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિ બેઠક યોજાશે

અમરેલી તા. ૬

અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને અને જનપ્રતિનિધીઓની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે. તા.૨૭ જૂન, ૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા સેવા સદન (કલેકટર કચેરી) ખાતે યોજાનાર આ બેઠકમાં લોક પ્રતિનિધીઓ અને અધિકારીઓ સાથે નાગરિકોના પ્રશ્નોની ચર્ચા થશે. નિકાલ બાકી હોય તેવા કાગળ, અવેઈટ અને બાકી પેન્શન કેસ, વસૂલાત, નાગરિક અધિકાર પત્ર તળેની અરજીઓ, રજૂઆતોના નિકાલ અને વિવિધ અરજીઓ માટે કરવાની કાર્યવાહીની ચર્ચા અને સમીક્ષા સહિતની બાબતોને સંકલન સમિતિમાં આવરી લેવામાં આવશે. તેમ અમરેલી જિલ્લા કલેકટર કચેરીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

### હરિકૃષ્ણ એકસપોર્ટનાં કર્મચારીઓ વૃક્ષારોપણ કરીને વળતર મેળવશે

## અરે વાહ : પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાએ વૃક્ષારોપણ માટે ૧૦ કરોડનાં ફંડની કરી જાહેરાત

**એક વૃક્ષનાં ઉછેર બદલ ૧ હજાર રૂપિયા અપાશે**



લીલીયા, તા. ૬

આજે વિશ્વ પર્યાવરણ દીને પદ્મ સવજીભાઈ ધોળકિયાએ વૃક્ષારોપણ મહાઅભિયાનનું પ્રારંભ કરેલ છે. જે અંતર્ગત તેઓ વૃક્ષારોપણ તથા વૃક્ષ ઉછેર બદલ દસ કરોડ રૂપિયાનું મહાદાન કરશે. હરિકૃષ્ણ કંપનીના કર્મચારીઓને ગ્રીન વોરિયર બનાવાશે. કંપની દ્વારા દરેક હીરા કારીગર તથા કર્મચારીઓને વૃક્ષારોપણ તથા વૃક્ષ ઉછેર બદલ એક વૃક્ષ દીઠ ૧૦૦૦ રૂપિયા અપાશે કોઈ પણ કર્મચારી ૧૦૦ વૃક્ષનું વાવેતર–ઉછેર કરીને એક લાખ રૂપિયાની વધારાની આવક પ્રાપ્ત કરી શકશે. આ ઉપરાંત કારીગરના નિવૃત્ત માતા–પિતા પણ આ વૃક્ષારોપણના મહાઅભિયાનમાં જોડાશે.

આ અંગે સવજીભાઈ ધોળકિયા સાથે વાત કરતા તેમણે જણાવેલ છે. કે તાજેતરમાં હું સિક્કિમ રાજયની મુલાકાતે ગયો હતો. ત્યાંની સરકાર બાળકના જન્મ પર વૃક્ષારોપણ કરવા બદલ ફંડ આપે છે. ત્યાંથી મને પણ આ બાબતે પ્રેરણા મળેલ તેઓએ કહ્યું હતું. કે અમારી જેમ અન્ય કંપની પણ આ પ્રકારની પહેલ હાથ ધરે તો ભારત વિશ્વનો સૌથી હરિયાળો પ્રદેશ બનશે. આ વર્ષમાં અમારી કંપની તથા કારીગરો મળીને બે લાખ વૃક્ષો વાવીને હરિયાળુ અને પ્રદૂષણ મુક્ત ગુજરાત બનાવવા પ્રયત્ન કરશે. તેવું મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

# ચાવંડ, દેરડી, માધુપુર, દેવળા ગામે કૃષિરથનું આગમન



ભારત સરકારના કૃષિ અને ખેડુત કલ્યાણ મંત્રાલય ધ્વારા તારીખ ૨૯/૬/૨૦૨૫ થી ૧૨/૬/૨૦૨૫ દરમિયાન પ્રી. ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન માટેનો કૃષિ રથ લાઠી તાલુકાના હીરાના, ચાવંડ, દેરડી અને ધારી તાલુકાના ધારી, માધુપુર, દેવળા મુકામે પહોંચ્યો હતો. આ વિકસિત કૃષિ સંકલ્પ યાત્રામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો. વી.એસ. પરમાર, ડો. એન.એમ. કાછડીયા અને ખેતી અધિકારી સુજીત બારીયા ધ્વારા ખેડુતોને આધુનિક ખેત પદ્ધતિની માહિતી તેમજ પ્રાકૃતિક ખેતીનો પ્રચાર કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં નિવૃત વિસ્તરણ અધિકારી એ.એમ. શેખવા પણ હાજર રહી ખેડુતોને માર્ગદર્શિત કર્યા હતા. બાગાયત અધિકારી અક્ષય ચૌહાણ, ખેતીવાડી અને આત્માના પ્રોજેકટના અધિકારી પણ હાજર રહેલ. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ખેડુતો ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધેલ.

# પિન્ટુ ઉંદર બન્યો ચતુર

એક શહેરમાં પિન્ટુ ઉંદર રહેતો હતો.

પિન્ટુની મા તેના માટે બહારથી ખાવાનું લાવતી.

એક દિવસ પિન્ટુએ ખાવામાં નખરાં કર્યાં, તો એની મમ્મી બોલી, 'મને કેવી રીતે ખબર પડે કે તને શું ભાવશે અને શું નહીં ભાવે ? એના કરતાં તો તું જાતે જ બહાર જઈને તારી પસંદગીની વસ્તુઓ લાવવાનું રાખ. હવે તું મોટો અને સમજણો થઈ ગયો છે.' પિન્ટુને મમ્મીની વાત ગમી.

બીજા દિવસે સવાર થતાંની સાથે જ તેણે જાહેરાત કરી, ' મમ્મી, આજે હું બહાર જાઉં છું.' મમ્મીએ કહ્યું, 'જા, પણ સાચવજે. સાંજ પડતાં પાછો આવી જજે અને બિલાડીથી સાવધ રહેજે.'

પિન્ટુ પહેલી વાર એકલો ઘેરથી બહાર નીકળ્યો હતો. થોડાક દિવસ પહેલાં તે થોડી વાર માટે મમ્મી સાથે ઘેરથી નીકળ્યો હતો, ત્યારે એક ભયાનક પ્રાણીને જોઈને તે એકદમ ડરી ગયો. તેને તે દિવસે ખબર પડી હતી કે એ ભયાનક પ્રાણી બિલાડી હતી. તે દિવસ પછી એ દરમાં જ ભરાયેલો રહેતો. આજે તેની સાથે મમ્મી નહોતી, પણ તે હિંમત કરીને એક દિશામાં ચાલવા લાગ્યો. ચાલતો ચાલતો તે પહોંચી ગયો સ્ટેશન પાસે અને ત્યાંથી ચાલતો ચાલતો પહોંચ્યો એક પ્લટફાર્મ નજીક. પ્લટફાર્મની નીચે, રેલના પાટાઓની આસપાસ તે થોડી વાર ફરતો રહ્યો. પ્લટફાર્મ પર લોકોની અવરજવર ચાલુ હતી.



એક માણસે કોઈક વસ્તુ ખાધા પછી વધેલી વસ્તુ નાખી દીધી. પિન્ટુએ લેવા દોડયો. બીજા માણસે બીજી વસ્તુ નાખી તો એ પણ લેવા પિન્ટુ દોડયો. આ રીતે આખો દિવસ જુદી જુદી વસ્તુઓ તેણે ખાધી. બીજા ઉંદરો પણ તેના મિત્રો થઈ ગયા. તેમની સાથે પિન્ટુએ વાતો કરી. તેને લાગ્યું કે બહારની તો દુનિયા જ અલગ છે. મજા જ મજા છે.

પણ ત્યાં તો અચાનક તેને બિલાડી દેખાઈને એ ગભરાઈ ગયો. આવા સમયે શું કરવું એ તેને સૂઝયું નહીં, તેના મિત્રો વાયુવેગે દોડીને સંતાઈ ગયા. એમની પાછળ પાછળ પિન્ટુ પણ સંતાયો. પિન્ટુના હૃદયના ધબકારા વધી ગયા. તે સખત ડરી ગયો. પણ તેના મિત્રો જાણતા હતા કે પિન્ટુ પહેલી વાર દરમાંથી બહાર નીકળ્યો છે એટલે તેમણે શાંતિથી પિન્ટુને સમજાવ્યો, ' દોસ્ત, અચાનક આવું થાય તો આસપાસમાં કયાંય પણ કાણા જેવું કે દર જેવું દેખાય ત્યાં સંતાઈ જવું. બિલકુલ ગભરાવાનું નહીં. હિંમત રાખીને આવી મુશ્કેલીનો સામનો કરવાનો. એક વાત યાદ રાખવાની કે આપણું કદ બિલાડી કરતાં બહુ નાનું છે એટલે આપણે ગમે ત્યાં સરળતાથી રહી શકીએ, પણ બિલાડી એમ ન કરી શકે.'

આમ, પિન્ટુને એના મિત્રો પાસેથી સમજણ મળી કે આપત્તિના સમયે દુશ્મનોથી કેવી રીતે બચવું જોઈએ !

# ટાટા બાય બાય વિમાન

નાનકડી ઈશા. તળાવની બાજુમાં બેસે. તળાવમાં બતક તરતાં હોય એમને ટાટા બાય બાય ટાટા કરે. મમ્મીએ મમરા આપ્યા હોય. તે થોડા ખાય, થોડા બતકને ખવડાવે. બતક અને એનાં બચ્ચાંને જોઈને તાળીઓ પાડે.

એટલામાં આકાશમાં વિમાન ઊડયું. એને 'ટાટા બાય બાય ટાટા' કહેવા ઈશાએ હાથ હલાવ્યો. ઊંચે જોતાં ટોપી પડી ગઈ પાણીમાં.

ઈશા તો રડવા લાગી. એ જોઈને બતક કહે, ''ઈશા, ઈશા રડતી નહીં. તું મને મમરા ખવડાવે છે. તું મારી દોસ્ત છે.''

''હું પાણીમાં ડૂબકી મારૂં છું ઈશાની ટોપી લાવું છું.''

એમ કહીને બતક ચાંચમાં ટોપી લઈ આવ્યું. ઈશા કહે, ''થેન્કયુ બતક.'' બતક કહે, ''વેલકમ, ઈશા'' ઈશાએ જોયું તો ટોપી ભીની હતી. એટલામાં જોરથી પવન આવ્યો. પવન કહે ઈશા તું રોજ મારી સાથે દોટ લગાવે છે. પકડ દાવ રમે છે. તું મારી દોસ્ત છે. ''હું મોટ્ટી દોટ લગાવું છું

હું ભીની ટોપી સુકાવું છું.'' ઈશાની ટોપી સુકાઈ ગઈ. ઈશા કહે, ' 'થેન્કયુ, પવન.''

પવન કહે, ''વેલકમ ઈશા''

થોડીવારમાં બીજું એક વિમાન આકાશમાં ઊડતું હતું.

ઈશાએ એને 'ટાટા બાય બાય ટાટા' કહેવા ઊંચે જોયું. ઈશાની ટોપી પડી નહીં. કેમકે ઈશાએ એક હાથે ટોપી પકડી રાખી હતી. બીજો હાથ હલાવી વિમાનને કહ્યું, 'ટાટા બાય બાય ટાટા વિમાન'. વિમાન કહે, ''થેન્કસ ઈશા.'' ઈશા કહે, ''વેલકમ વિમાન.''

**રેખા ભટ્ટ**

# આપણી મહાનદીઓ...

**દમણ ગંગા :** પશ્ચિમ ભારતમાં આવેલી નદી છે. આ નદી પશ્ચિમ ઘાટમાંથી નીકળીને અરબી સમુદ્રમાં મળે છે. આ નદી ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયો અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશમાં વહે છે. વાપી, દાદરા અને સેલ્વાસ જેવા ઔદ્યોગિક શહેરો આ નદીના ઉત્તર કાંઠે વસેલા છે. દમણ આ નદીને બન્ને કાંઠે વસેલું છે. દમણ ગંગા નદી પર મધુબન બંધ બાંધવામાં આવેલો છે.

**દામોદર નદી :** ભારત દેશના ઉત્તરપૂર્વ ભાગમાં આવેલા પશ્ચિમ બંગાળ તથા ઝારખંડ રાજયોમાંથી વહેતી એક નદી છે. આ નદીની જળથી એક મહત્વાકાંક્ષી જળવિદ્યુત પરિયોજના દામોદર બહુહેતુક પરિયોજના ચલાવવામાં આવે છે દામોદર નદી ઝારખંડ રાજયની છોટા નાગપુર ક્ષેત્રના પલામ જિલ્લાના ચાંદવા ગામ નજીકથી નીકળ છે અને આશરે ૫૯૨ કિલોમીટર જેટલું અંતર કાપીને હુગલી નદીમાં મળી જાય છે. દામોદર નદીમાં બરાકર નદી, કોણાર નદી, બોકારો નદી, હાહારો નદી, જમુનિઆ નદી, ધારી નદી, ગુઐયા નદી, ખડીયા નદી અને ભેરા નદી જેવી નાની મોટી નદીઓ મળી જાય છે. આ નદીના કિનારે આસનસોલ, બોકારો, દુર્ગાપુર જેવા શહેરો વસેલા છે. ઝારખંડ રાજયના લોકોમાંથી કેટલાક લોકો તેમની સ્થાનિક ભાષામાં આ નદીને, દામુદા પણ કહે છે. અહીં દામુ એટલે કે લોકોને સમર્પિત અને દા એટલે પાણી એવો અર્થ થાય છે.

**દુધગંગા નદી :** પશ્ચિમ ભારતમાં વહેતી કૃષ્ણા નદીના જમણા કાંઠાની સહાયક નદી છે. તે મહારાષ્ટ્રમાં સિંધુદુર્ગ જિલ્લામાં પશ્ચિમી ઘાટમાંથી નીકળે છે અને કર્ણાટક રાજયના કોલ્હાપુર જિલ્લા અને બેલગામ જિલ્લામાંથી પસાર થઈ કૃષ્ણા નદીમાં મળી જાય છે. કેટલાક ભાગોમાં આ નદી કર્ણાટક અને મહારાષ્ટ્ર રાજયો વચ્ચેની સરહદ બને છે.

આ નદી પશ્ચિમ કોલ્હાપુર જિલ્લામાં બંધ બાંધવામાં આવેલ છે. જેનાથી કલમ્માવાડી જળાશયની રચના થયેલ છે.

**મોકનાર : વિશાલ જે. મોણપરા**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



બાળએક્સપ્રેસ સંપાદક
( પ્રિન્સીપાલશ્રી : રવજીભાઈ કાચા સાહેબ )

# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. નિદા એ નરક સમાન છે. ઈશ્વરાનો કાયદો છે, જે ઈન્દ્રિયથી મનુષ્ય પાપ કરે છે તે ઈન્દ્રિયને ભગવાન સજા કરે છે. તે ઈન્દ્રિયને ભગવાન દુઃખી કરે છે, તે ઈન્દ્રિયને ભગવાન અંતકાળે બહુ દુઃખ આપે છે.

૨. જેનું મન પવિત્ર નથી તેનું મન અંતકાળે બહુ ગભરાય છે.

૩. પ્રેમ કેવો કરવો તે જગતને બતાવ્યું ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણે.

૪. બુદ્ધિ ઈન્દ્રિયના વિષય પાછળ જાય તો તે વાંકી બને છે. ઈશ્વર તરફ વળે એટલે તે સરળ થાય.

૫. લોકો સમજે છે કે સંપત્તિ આવી એટલે સર્વ સુખ આવી ગયું. પરંતુ તેટલું પૂરતું નથી. સંપત્તિવાન બનવા કરતાં સંસ્કારી બનો. સારા સંસ્કાર કેળવવા પ્રયત્ન કરો.

૬. તક્ષક નાગ બધાને કરડવાનો છે. સાત વારમાંથી તમારા માટે પણ એક વાર તો નકકી છે જ. માથાના વાળ ધોળા થાય, દાંત પડવા લાગે ત્યારે માનજો કાળની સૂચના આવી ગઈ છે. આ કાળની નોટિસ આવી જાય એટલે સર્વ ત્યજી ભગવાનને ભજવા લાગો.

૭. બીજાને રડાવીને આનંદ ભોગવે એ કંસ. આજે સમાજમાં કંસ ઘણા વધી ગયા છે. જીવ કામ ક્રોધનો હંમેશા માર ખાતો આવ્યો છે.

૮. વંદન, પૂજય દરેક દેવનું કરો. પણ ધ્યાન એક જ દેવનું કરો. ધ્યાન વગર સાક્ષાત્કાર થતો નથી.

૯. વાણી અને વર્તન એક ન થાય ત્યાં સુધી વાણીમાં શકિત આવતી નથી. જ્ઞાનને ક્રિયાત્મક બનાવનારની ખોટ છે. બંગલામાં રહી વિલાસી જીવન ગાળતા વેદાંતની ચર્ચા કરે છે એ ઠીક નથી. બહુ વાંચવા કરતાં વાંચેલું જીવનમાં ઉતારવાની જરૂર છે. શ્રી કૃષ્ણ જે ઉપદેશ કરે છે તે ઉપદેશ પ્રભુએ જીવનમાં ઉતાર્યો છે.

૧૦. મનુષ્ય માટે અતિ આવશ્યક છે કે તે કોઈ તપસ્વી સાધુની સેવા કરે. સેવાથી વિદ્યા સફળ થાય છે. કેવળ પ્રયત્નથી વિદ્યા મળે તે અભિમાનને સાથે લાવે છે. સંતની સેવાથી વિદ્યા મળે છે તે વિવેક, વિનયને સાથે લાવે છે.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) રાષ્ટ્રીય પંચાંગને કયા વર્ષથી અમલમાં મુકવામાં આવ્યું ? – ૧૯૫૯થી
(૨) ભારતના કયા રાજયે સૌથી વધારે વડાપ્રધાન આપ્યા છે ? – ઉત્તરપ્રદેશ
(૩) ભારતના પ્રથમ મહિલા રાજયપાલ કોણ હતા ? – સરોજિની નાગડુ
(૪) કયો દિવસ રાષ્ટ્રીય કાયદા દિવસ તરીકે માનવામાં આવે છે ? – ૨૬મી નવેમ્બર
(૫) ભારતના પ્રથમ મહિલા મુખ્ય ચુંટણી કમિશનર કોણ હતા ? – વી.એસ. રામાદેવી
(૬) પ્રથમ લોકસભાના ઉપાધ્યક્ષ કોણ હતા ? – અનંત શાયનામ આયંગર
(૭) લોકસભાના વર્તમાન ઉપાધ્યક્ષ કોણ હતા ? – કરિયા મુંડા
(૮) ફિલ્મી સેન્સર બોર્ડના અધ્યક્ષ કોણ છે ? – લીલા સેમસન
(૯) રાષ્ટ્રીય ગીત જનગણ મન કેટલા સમયમાં ગાવાનું હોય છે ? – ૫૨ સેકન્ડમાં
(૧૦) ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારની ડિપોઝિટ કયારે જપ્ત થાય છે ? – કુલ મતના ૧/૬ મત ન મળે તો

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## આતંરિક ઊંચાઈ

આપણી બાહ્ય પ્રગતિ વિશે જગતને અનાયાસ જાણ થતી હોય છે. પણ આપણી આંતરિક પ્રગતિ વિશે લોકો અજાણ હોય છે. આપણી આંતર શકિત કેટલી વધી, આધ્યાત્મિક ચેતના કયા ઉન્નત સ્તરે પહોંચી, વૈચારિક કક્ષાની ઊંચાઈ કેટલી વધી, તે તો આપણા સ્વજનો પણ જાણતા હોતા નથી. અરે ! કયારેક તો ખુદ આપણે પણ અજાણ હોઈએ છીએ.

સંઘર્ષના સંજોગોમાં આ શકિતઓનું પ્રગટી–કરણ અનાયાસ થાય છે અને ત્યારે જ અન્યને આપણી આતંર ઊંચાઈને ઝાંખી થાય છે.

# પ્રયોગ – ૪૬
## સાદો વિદ્યુત પરિચય

હેતુ : સાદા વિદ્યુત પરિપથની રચના સમજવી. સાધન : ટોર્ચમાં વપરાતો બલ્બ, વાહક તાર, સેલ, અવાહક ટેપ, રબર બેન્ડ રીત : ટોર્ચમાં વપરાતો એક બલ્બ અને વાહક તારના બે ટુકડા લો. આકૃીતમાં દર્શાવયા પ્રમાણે આ બે ટુકડાઓને અવાહક ટેપની મદદથી બલ્બ સાથે જોડો આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે બલ્ભ સાથે જોડેલા વાહક તારને રબરબેન્ડની મદદથી સેલ સાથે જોડો અવલોકન : બલ્બ પ્રકાશિત થશે. સેલના કે બલ્બના વાહક તારના છેડો છુટો કરો. બલ્બ પ્રકાશિત થશે નહિ. તારણ : સેલમાંથી બલ્બ સુધી વિદ્યુત પ્રવાહ વહેવા માટે સેલનાં બંન્ને છેડા બલ્બના બંને છેડા સાથે જોડાયેલા હોવા જોઈએ. બલ્બના બંને છેડા સેલ સાથે જોડતા, સેલથી બલ્બ સુધીનો વિદ્યુત પ્રવાહ વહેલાનો માર્ગ પરિપથ) પુર્ણ થાય છે. નોંધ: વિદ્યુત પ્રવાહના વહેવાનાં માર્ગને વિદ્યુત – પરિપથ કહે છે. સેલના બંને છેડા બલ્બના બંને છેડા સાથે જોડાયેલા હોય તો તેવા પરિપથને બંધ વિદ્યુત પરિપથ કહે છે. સેલનાં બંને છેડા કે બલ્બના બંને છેડા પૈકી કોઈ એક છેડો છુટો હોય તો તેને ખુલ્લો વિદ્યુત – પરિપથ કહે છે.

**પ્રયોગની પાંખે**
વિજ્ઞાન નગરી
પ્રકાશક: શ્રી બળવત પારેખ




# બીઝલબબનું બખડજંતર

ક્રમશઃ ચાલુ...

પદ્દમપીલ્લેએ ડહાપણ ડહોળ્યું : ''એની પાસે કશીક માયાવી વિદ્યા છે જેની મદદથી..'' ''બકવાસ બંધ કર,'' બેબસન ગરજયો, '' અને તમે બંને અહીંથી દફા થઈ જાઓ,'' પછી આંટા મારવાનું છોડી સોફામાં બેસી ચિરૂટ સળગાવી, બબડયો : ''મારે હવે બધું નવેસરથી વિચારવું પડશે !'' પદ્દમ–ખંજરે વિલા મોંઢે વિદાય લીધી. પણ કેપ્ટન હજુ સુધી ગયો નહોતો. તે બોલ્યો : બેબસન સાહેબ, મારા અહીં આવવાના પ્રયોજન વિષે જણાવવાનું તો હું ભૂલી જ ગયેલો. મુંબઈથી મોટુમલનો રેડિયોફોન આવેલો. એ આપની સાથે વાત કરવા માગે છે. મેં તેને દસેક મિનિટ બાદ ફોન કરવા કહેલું. એટલે આપ જો ત્યાં પધારો તો...'' ''મને લાગે છે હું પણ અહીંથી સિધાવું !'' મેં પ્લેઈટમાં વધેલ કાજુ બદામ ખીસ્સામાં ભરતાં કહ્યું. ''ખબરદાર !'' સરદાર સોફામાંથી ઊભો થતાં બોલ્યો : ''હું ફોન કરીને પાછો ના આવું ત્યાં સુધી તારે અહીંથી ખસવાનું નથી. મારે હજુ તારી સાથે હિસાબ પતાવવાનો બાકી છે.'' કેપ્ટન સાથે કેબિનમાંથી નીકળતા બેબસને પહેરેગીરોને કશીક સૂચના આપી. તેમના ગયા પછી મેં ઉપરની સ્ટોપર પણ મારી પછી એક રાઈટીંગ ટેબલના ખાના ફંફોસતા મળેલું હલકું પણ સ્ટીલના ચાપડા જડેલું બ્રીફકેસ લઈ તેની મદદથી કાચ તોડવાનો પ્રયત્ન કર્યો. મજબૂત કાચ ઉપર ધારી અસર ન થઈ તેથી મેં બીજી –અજમાવી. વાબારીથી થોડે દૂર

**સુજલની સાહસકથા**
**નલિન મહેતા**
પ્રકાશક : ભદ્રા મહેતા

બારણું બંધ થવાનો અને બહારથી સાંકળ દેવાયાનો અવાજ સાંભળ્યો. ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે કાવતરાખોરોમાં પરસ્પર સંદેહ ઉત્પન્ન કરી તેમના ષડયંત્રને ખોરંભે પાડવામાં તો હું સફળ નીવડેલો, પરંતુ તેમ કરવા જતાં કદાચ હું પોતે જ મારી જાળમાં ફસાઈ ચૂકયો હતો.

**(૫) શેઠ કે શઠ ?**

મારી જ બીછાવેલ જાળ માંથી છટકવા મેં આસપાસ નજર પુરારી બે–ત્રણ કેબિન ભાંગી બનાવેલ આલીશાન ખંડને એરકંડીશન્ડ બનાવવા પહેલાની લંબગોળ હવા બારીઓના કાચ જડી દેવામાં આવેલા.

મને એક વિચાર સૂઝયો. ઊભા થઈ મેં પહેલાં કેબિનના ભરવાની અંદરનો આગળિયો વાસ્યો અને જઈ મેં જોરથી બ્રીફકેસનો ઘા કર્યો. પહેલીવાર હું નિશાન ચૂકયો એટલું જ નહિ, પણ તેનો અવાજ સાંભળી બહારથી બારણું ધધડાવવાનું શરૂ થયું.

મેં પ્રયત્ન જારી રાખ્યો અને થોડી વારે કાચમાં તડ મોટી જણાઈ. દરમ્યાન કેબિનની બહાર પણ કોલાહલ મચી ગયેલો જણાયો અને થોડી વારમાં બારણા ઉપર ત્રીકમના ઘા થતા હોય તેવું લાગ્યું.

અને તે જ વખતે બારણાના આગળિયા પાસે એક બાકોરૂ પશુ ત્યારે જ બ્રીફકેસના ઘાથી વાબારીનો કાચ ખડીંગ કરતો સૂર્યો અને તેમાંથી માર્ગ કરતી બ્રીફકેસે બહારની દિશામાં પ્રયાણ આદર્યું.

# દુનિયાનું અજીબો ગરીબ

ભારતનો ચાંદલો દુનિયાભરમાં માનીતો બની રહ્યો છે. કદાચ સૌથી વધારે એની બોલબાલા રશિયામાં છે. ત્યાં અસંખ્ય છોકરીઓ અને યુવતીઓ ચાંદલા લગાવે છે, પરંતુ કપાળે નહિ, કોઈ પેટે લગાવે છે. કોઈ ગાલે લગાવે છે ! આવી જ રીતે, રશિયામાં ભારતની કાનની વાળીઓ અને નાકની નથડીઓ પણ રંગ જમાવવા લાગી છે.

ત્રિપુરા ભારતનું રીતસરનું એક રાજય છે. દેશને પૂર્વ છેડે એ આવેલું છે. એનું પાટનગર અગરતલા છે. અહીં એક પણ સિનેમા થીએટર નથી ! હા, એક સમયે શહેરમાં ચાર થીએટર હતાં, પરંતુ ટીવી, વીડિયો અને હવે મોબાઈલ આવવાથી થીએટરોને કોઈ પ્રેક્ષકો જ મળતા નથી !

આપણા રાષ્ટ્રધ્વજની વચ્ચે જે ચક્ર છે, એના ૨૪ (ચોવીસ) આરા છે. બાળકો જે ધ્વજ બનાવે એમાં આરાની સંખ્યા ઓછીવત્તી ચાલે. પરંતુ રીતસરના સત્તાવાર કાર્યક્રમ માટે જે ધ્વજ ફરકાવાય એમાં ૨૪થી ઓછા કે વત્તા આરા ચીતરેલા હોય તે અયોગ્ય ગણાય.

ભારતની સૌથી મોટી નદી બ્રહ્મપુત્રા છે. હા, ભારતમાં વહેતી લાંબામાં લાંબી નદી ગંગા ખરી; પરંતુ કુલ લંબાઈ બ્રહ્મપુત્રાની વધારે છે.

આપણા રોગોનાં કારણરૂપ સ્થાનો બે છે : મસ્તક અને પેટ. વિજ્ઞાનીઓ કહે છે કે આપણી ૮૦ ટકા બીમારીઓ માનસિક કારણોસર પેદા થાય છે. મનની ચિંતા, બોજ, તાણ કે ખેંચ શરીરનાં અંગો અને કાર્યો પર પડે છે અને રોગ પેદા થાય છે. તમને આઈસક્રીમ ભાવે છે ને ? વરસેદહાડે કેટલો આઈસક્રીમ ખાતાં હશો? અને દેશભરને હિસાબે સરાસરી માણસદીઠ કેટલો આઈસક્રીમ ખવાતો હશે? તમને જાણીને નવાઈ લાગશે કે માથાદીઠ આઈસક્રીમની વપરાશમાં ભારત પહેલા એકસો (૧૦૦) દેશોમાં પણ નથી. સૌથી વધુ માથાદીઠ આઈસક્રીમ ખાનાર દસ દેશ આ પ્રમાણે છે :

| ક્રમ | દેશ | માથાદીઠ ઉત્પાદન (લિટર) |
|---|---|---|
| ૧. | ન્યૂઝીલેન્ડ | ૨૬.૪૫ |
| ૨. | અમેરિકા | ૨૨.૦૪ |
| ૩. | કેનેડા | ૧૮.૭૫ |
| ૪. | ઓસ્ટ્રેલિયા | ૧૭.૯૦ |
| ૫. | બેલ્જિયમ | ૧૪.૭૧ |
| ૬. | સ્વીડન | ૧૪.૦૩ |
| ૭. | ફિનલેન્ડ | ૧૩.૯૨ |
| ૮. | નોર્વે | ૧૩.૩૪ |
| ૯. | ડેન્માર્ક | ૧૦.૨૪ |
| ૧૦ | ઈઝરાયેલ | ૭.૨૩ |

# હસવાની મનાઈ છે. ધીરજ રાખ !

એક યુવક બાબા–ગાડીમાં બાબલાને બેસાડીને ફેરવી રહ્યો હતો. બાબલો ભૂંડી રીતે ચીસાચીસ કરી રહ્યો હતો અને યુવક એને વારંવાર કહી રહ્યો હતો. ''બેટા ઉમેશ, ધીરજ રાખ, ધીરજથી કામ લે. ક્રોધને કાબૂમાં રાખ !'' રસ્તે ચાલતી એક મહિલાને યુવકની આ શિષ્ટતાને સંસ્કારિતા ઘણી ગમી ગઈ. એણે કહ્યું, '' બાળકો સાથે આવી જ રીતે સ્નેહપૂર્વક વાત કરવી જોઈએ. કેટલાક લોકો તો છોકરાંઓ પર નાહકનાં ગુસ્સે થઈ જાય છે. આપનો દીકરો ઉમેશ...'' ''જી, મારા દીકરાનું નામ તો રાહુલ છે. ઉમેશ તો મારૂ નામ છે.'' યુવકે ઉતાવળે કહ્યું. બબડાટનો ઈલાજ ''અરે દિલીપ, તું આખી રાત ઊંઘમાં બબડતો રહે છે. મારી નીંદર હરામ થઈ ગઈ છે. ચાલ, ડોકટર મહેતાને બતાવીને કશોક ઈલાજ કરાવીએ.'' ડોકટર પાસે જવાની કશી જરૂર નથી, માયા. જો તું દિવસમાં મને બોલવા દે તો રાતે મારે બબડવાની જરૂર ના રહે.'' આશ્ચર્યજનક પતિ : અરેરે ! આ દુનિયામાં આપણે એવા કયા સંબંધો બગાડીને બેસી ગયા છીએ કે આ વરસે હજુ સુધી કોઈએ આપણને દિવાળી કાર્ડ નથી મોકલ્યું ! પત્ની : ''સાવ એવું નથી. આપણને આઘાત ન લાગે તે માટે આજે જ સવારની પોસ્ટમાં આપણા ટપાલીએ આ કાર્ડ લખીને મોકલાવેલ છે.!'' જોખમ લેવા નારાજ લખપતિ લલિતાદેવી : ''મારે તો ખૂબ સાવધાનીવાળો ડ્રાઈવર જોઈએ છે, જે એક પાઈ જેટલું પણ જોખમ ન ખેડે.'' કરસન કડકો : ' 'તો તો મને રાખી જ લો, શેઠાણી ! હું એવો જ માણસ છું અને...અં...મારો પગાર એડવાન્સમાં આપશો ?'' ઝઘડાનું કારણ દિલીપ–માયા કલાકોથી લડી ઝઘડી રહ્યાં હતાં. આખરે ચુની પડોશમાંથી દોડી આવ્યો અને પૂછવા લાગ્યો, ''પણ તમે લોકો ઝઘડો છો શા માટે ?' દિલીપે ગુસ્સાથી માયા તરફ ઈશારો કરીને કહ્યું, ''આ દેવીજીને પૂછો.'' ત્રણ કલાક થઈ ગયા છે, લડતાં–ઝઘડતાં, માયા મૂંઝાયેલા સ્વરે બોલી. ''શું આટલી વાર સુધી મારે યાદ રાખવું કે હું શા માટે ઝઘડતી હતી....?'' હવે શું પાછા જવું! ''આપની ઉંમર કેટલી ?'' સ્મશાને ગયેલા ડાઘુને એક સ્મશાન–સંચાલકે પૂછયું.

''સત્તાણું'' ''છતાં તમને ઘેર પાછા જવાની તકલીફ લેવા જેવું લાગે છે ?''

# આ મારું ચિત્ર છે




વ્યાસ પંકજ બી.
(ધો.૯(એ) દિપક હાઈસ્કૂલ – અમરેલી)




ગોહિલ મિતુલ રમેશભાઈ
(ધોરણ–૯(બ), દિપક હાઈસ્કૂલ– અમરેલી)




આલાણી મુસ્તુફા ગુલાબભાઈ
( ધોરણ–૧૦(બી) દિપક હાઈસ્કૂલ–અમરેલી )



ખોખર દિલશાન અશરફભાઈ
( ધોરણ–૯(એ) દિપક હાઈસ્કૂલ–અમરેલી)

# વિસાવદર : સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળીમાં રાજકીય મહાનુભાવો પધાર્યા



સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લિ. બગસરાની વિસાવદર શાખાની મુલાકાતે ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા, કેશોદ ધારાસભ્ય દેવાભાઈ માલમ, રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, રાજકોટ જિલ્લાના પ્રભારી ધવલભાઈ દવે, પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા, જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા પંચાયતના સદસ્ય નરેન્દ્રભાઈ કોટીલા સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો પધાર્યા હતા. આ તકે પધારેલા મહાનુભાવોએ જુનાગઢ જિલ્લામાં અમારી સંસ્થાની સહકારિતાની ભાવનાની સાથેની પ્રગતિને બિરદાવી અને સંસ્થાના ચેરમેન અનિલભાઈ વેકરીયાને શુભેચ્છા પાઠવી હતી.

## અમરેલી : ટેકિનકલ કારણોસર એ.આર.ટી.ઓ. ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક તા.૯ જુને બંધ રહેશે

અમરેલી, તા. ૬

અમરેલી એ.આર.ટી.ઓ. ખાતે કાર્યરત ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક આગામી તા. ૯ જૂન, ૨૦૨૫ સોમવારે બંધ રહેશે. ટેકિનકલ કારણોસર આ દિવસે ડ્રાઈવિંગ ટેસ્ટ કામગીરી બંધ રહેવાની હોય જાહેર જનતાને તે બાબતની નોંધ લેવા અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

Ad 085

**સંકુલ KG થી ધો. ૧૨ – આર્ટસ કોમર્સ સાયંસ**
**ગુજરાતી મિડીયમ – ઈંગ્લીશ મિડીયમ – પ્રવેશ**

* આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર / ઈતિહાસ ભૂગોળ
* સાયંસ – A&B ગ્રુપ–JEE–NEET–GUJCET - સરકારી સહાય – Expert ક્લાસ
* ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
* ધો.૧૦ A1-A2 ને ધો.૧૧–૧૨ ફી રાહત – ધો.૧૨ A1-A2 ને ધો.૧૧–૧૨ ફી શરતી પરત
* KG ટુ PG - સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ

### જાહેર નોટિસ

**// મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

નં.મરણ નોંધણી/અરજી નં.૨૭/૨૦૨૫

**અરજદારશ્રી :** શ્રી પ્રવિણપરી ભોજપરી ગોસાઈ,
મુ. મોટી કુંકાવાવ, તા.વડીયા, જિ.અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, અમરાપુર, તા.વડીયા
૨. તલાટી કમ મંત્રીશ્રી, મોટી કુંકાવાવ, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રી પ્રવિણપરી ભોજપરી ગોસાઈના ભાઈ ગુણવંતપરીનો જન્મ તા.૨૨/૧૧/૧૯૭૪ના રોજ મુ.મોટી કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર – પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કો કરી આપ્યા.

સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

## સેવાકીય ક્ષેત્રે અગ્રેસર સાવરકુંડલાનાં મમતાઘરના પ્રથમ વાર્ષિકોત્સવની ઉજવણી કરાશે

**જાહેર જનતાને ઉપસ્થિત રહેવા અનુરોધ**

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા શહેરમાં શૈક્ષણિક ક્ષેત્રે સેવાકીય કાર્ય કરતા મમતાઘરના તારીખ ૧૧/૬/૨૫ના રોજ એક વર્ષ પૂર્ણ થાય છે ત્યારે મમતાઘરમાં રહેતાં બાળકો અને ટ્યુશન કલાસમાં આવતા બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્ષિકોત્સવની ઉજવણી તારીખ ૧૧/૬/૨૫ના બપોરે ૪ કલાકે મમતાઘરમાં કે જે સાવરકુંડલા શહેરમાં અંબિકા સોસાયટી આગળ બાપા સીતારામની મઢુલી પાસે આવેલ મમતાઘર ખાતે ઉજવવામાં આવશે.

આપને જણાવી દઈએ કે આ મમતાઘરમાં રહેતા બાળકોને પણ તમામ પ્રકારની સુવિધા તેમજ ટયુશનમાં આવતાં બાળકોને નિશુલ્ક શૈક્ષણિક ટયુશનનો લાભ પ્રદાન કરવામાં આવી રહ્યો છે. આ પાવન પ્રસંગે પ.પૂ. ઉષામૈયા, પૂ. ભકિતરામબાપુ, પૂ. નારાયણ સાહેબ, પૂ. કરશનગીરીબાપુ, પૂ. ઘનશ્યામબાપુ તથા સમાજ વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ પધારશે. આ વાર્ષિકોત્સવની ઉજવણી સમયે બાળકોને પ્રોત્સાહિત કરવા મમતાઘરના સંચાલક મંજુલાબેન દુધરેજીયા દ્વારા પધારવા જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

પાના ૮ ઉપરનું ચાલું

### ખાંભા–તુલસીશ્યામની કોદીયા વીડીમાં

કોદીયાવીડી વિસ્તારમાં સિંહ દર્શન અર્થે ઘુસી અને અપ્રવેશ કરનાર પાંચ શખ્સોને વન વિભાગે ઝડપી પાડયા હતા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી રૂપિયા ૯૦૦૦૦નો દંડ વસુલ કર્યો હતો.

આ બનાવમાં ગઈ કાલે મોડી રાત્રીના સમયે એક અર્ટીકા ફોર વ્હીલ ગાડી લઈન સિંહ દર્શન અર્થે ભાવનગરના ૨ અને ખાંભાના ૩ શખ્સો સહિત કુલ ૫ શખ્સો ખાંભાના તુલસીશ્યામ રેન્જના કોદીયાવીડી વિસ્તારમાં સિંહ દર્શન અર્થે ઘુસી અને અપ્રવેશ કરેલ હોય. ત્યારે ખાંભા વન વિભાગ ધ્વારા પેટ્રોલિંગ દરમિયાન આ પાંચ શખ્સોને વનવિભાગે ઝડપી પાડયા હતા અને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ મુજબ અપ્રવેશનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી અને રૂપિયા ૯૦ હજારનો દંડ વસુલ કર્યો હતો. જેને લઈ ગેરકાયદેસર રીતે લાઈન શો યોજતા તથા ગેરકાયદે જંગલમાં ઘુસી આવતા શખ્સોમાં વ્યપાક ફફડાટ ફેલાયો છે.

**''અમરેલી એક્સપ્રેસ''**
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**

પાના ૮ ઉપરનું ચાલું

### ૪૨ પત્તાપ્રેમી ઝડપાયા

જેટલાં સ્થળોએ જુગાર રમતાં ૪૨ લોકોને રૂપિયા ૯૩૧૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

નાગેશ્રી ગામે જુગાર રમતાં ૩ ઈસમોને રોકડ રકમ રૂપિયા ૪૭૦૦ સાથે ઝડપી લીધા હતા. જયારે વંડા પોલીસે અલગ અલગ બનાવમાં ૧૩ પતાપ્રેમીઓને ૨૯૪૫૦ની રકમ સાથે ઝડપી લીધા હતા. ખાંભા પોલીસે જુગાર રમતાં ૬ ઈસમોને રોકડ રકમ રૂપિયા ૧૧૭૨૦ સાથે ઝડપી લીધા હતા. અમરેલી સીટી પોલીસે જુગાર રમતાં ૬ ઈસમોને રોકડ રકમ રૂપિયા ૧૨૭૦૦ સાથે ઝડપી લીધા હતા. રાજુલા પોલીસે નાની ખેરાળી ગામે જુગાર રમતાં ૬ ઈસમોને રોકડ રકમ રૂપિયા ૧૭૦૪૦ સાથે ઝડપી લીધા હતા. જયારે ચલાલા પોલીસે બે અલગ અલગ બનાવમાં જુગાર રમતાં ૮ ઈસમોને રોકડ રકમ રૂપિયા ૧૭૪૯૦ સાથે ઝડપી લીધા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

### હરસુરપુર દેવળીયા નજીક

બનીયાભાઈ કાળુભાઈ હઠીલા નામના ૨૯ વર્ષિય ખેતમજુર યુવકના ભાઈ પ્યારસિંહ કાળુભાઈ હઠીલા નામના ૨૬ વર્ષિય યુવક ગત તા. ૪ના રાત્રીના નવેક વાગ્યા આસપાસ પોતાનુ મોટર સાઈકલ લઈને લાઠી ખાતે તેના મહેમાનને મુકી ચિતલ બાજુ પોતાના ઘર તરફ જતા હોય. ત્યારે હરસુરપુર દેવળીયા ગામ પાસે આવેલ પુલ પાસે પહોંચતા કોઈ અજાણ્યા ટ્રેકટરના ચાલકે પુરઝડપે બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી યુવકની મોટર સાઈકલ સાથે ભટકાવી દેતા પ્યારસિંહ કાળુભાઈ હઠીલાનો જમણો પગ ગોઠણના ભાગે કપાઈ જતા તેમજ ગુપ્ત ભાગે ગંભીર ઈજા કરી તેમજ અન્ય શરીરે નાની મોટી ઈજા કરી પ્યારસિંહ હઠીલાનું મોત નિપજાવી પોતાના હવાલાનુ ટ્રેકટર લઈ નાસી ગયાની અજાણ્યા ટ્રેકટર ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૩,૪૪૫ વૃક્ષો વાવવામાં આવ્યા

**૨૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી હરિત કવચ વધારવાની નેમ**



અમરેલી, તા. ૬

વિ પર્યાવરણ દિવસની ઉજવણી હેઠળ અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તા. ૫ જૂનના રોજ અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં ૩,૪૪૫ વૃક્ષો વાવી અને હરિત કવચ વધારવાનું કાર્ય કરવામાં આવ્યું છે.

મનરેગા યોજના હેઠળ ''એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાના તમામ ગામોમાં વૃક્ષારોપણ ઝૂબેશ સ્વરૂપે જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયાના માર્ગદર્શન હેઠળ અમલવારી કરવા માટે દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા. મનરેગા યોજના અંતર્ગત દરેક તાલુકામાં બહોળા પ્રમાણમાં વૃક્ષારોપણના વાવેતર કામગીરી ગ્રામજનો સાથે રાખી કરવામાં આવે.

જિલ્લાના ૬૦૫ ગામો ''એક પેડ માં કે નામ' અભિયાન વૃક્ષનું વાવેતર હેઠળ ૧૧ તાલુકામાં ૩૦ જૂન સુધીમાં ૨૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે વિ પર્યાવરણ દિવસ–૨૦૨૫ નિમિત્તે ૩,૪૪૫ વૃક્ષોનું મનરેગા યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વૃક્ષારોપણ તા. ૫/૬/૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકામાં વિવિધ ગામોએ વિવિધ જાતોના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત લીલીયા તાલુકાના ક્રાંકચ તથા ભોરીંગડા ગામ ખાતે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક કે.જે. જાડેજા તેમજ ગામના આગેવાનો અને ગ્રામજનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

આમ, સ્થાનિક કક્ષાએ મનરેગા યોજનામાં ઘનિષ્ઠવનીકરણની કામગીરી હાથ ધરવામાં આવતા વાવેતર થકી વાતાવરણમાં ગરમીના તાપમાનમાં ઘટાડો થશે, તેમજ ગામોની હરિયાળીમાં વધારો થશે અને વરસાદનુ પ્રમાણ વધશે. વૃક્ષોથી જમીનોનું થતું ધોવાણ પણ અટકશે અને લોકોમાં વૃક્ષોનું જતન કરવા તેમજ ઉછેર કરવા જાગૃત્તિ આવશે.

પર્યાવરણનું જતન થાય તે માટે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય અને ગ્રામ્ય સ્તરે તે માટે ગ્રામજનો જ આગળ આવે અને આવનારી પેઢીને મનરેગા યોજનામાં ગામ હરિયાળું બનાવીને ભેટ આપે તેવું જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું.

વૃક્ષારોપણના આ કાર્યક્રમમાં વિવિધ ગામોના સ્થાનિક લોકો, પદાધિકારીઓ, આગેવાનો, નિવૃત્ત કર્મચારીઓ તેમજ વડીલોએ ઉમંગ અને ઉત્સાહભેર આ અભિયાનમાં પોતાનું યથા યોગ્ય યોગદાન આપ્યું હતું. તેમ અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ એક યાદીમાં જણાવ્યું છે.

# બગસરા : વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત મહિલાઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું



બગસરા નગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ અને પર્યાવરણ જતન અંગે જનજાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. મહિલાઓએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ રક્ષણનો સંદેશ પ્રસરાવ્યો હતો. કેન્દ્ર સરકારના મિશન અમૃત ૨.૦ અને DAY-NULM મિશન અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન (GULM)ના સંયુક્ત ઉપક્રમે 'સ્વચ્છ ભારત મિશન અર્બન' હેઠળ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શહેરના નટવર નગર વોટર સમ્પ પ્લાન્ટ પર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. 'વુમન ફોર ટ્રી' કાર્યક્રમ અંતર્ગત મહિલાઓના હસ્તે વૃક્ષારોપણ કરી તેમને પર્યાવરણના જતન માટે જાગૃત્ત કરવામાં આવ્યા હતા. વૃક્ષારોપણમાં સહભાગી થયેલા તમામને સખીમંડળના બહેનો તેમજ નગરપાલિકા કર્મચારીઓએ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અનુરોધ કર્યો. પ્લાસ્ટિકથી થતાં નુકસાન વિશે નાગરિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું. પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવા નાગરિકોમાં જાગૃત્તિ આવે તે માટે વર્કશોપનું આયોજન પણ આ વેળાએ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ બગસરા નગરપાલિકા પ્રમુખ જયોત્સનાબેન એ. રીબડીયા, ચીફ ઓફિસર, દિલીપભાઈ એન. હુણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નગરપાલિકાના સદસ્યો, અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ બગસરા નગરપાલિકાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી : કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનનું આયોજન






કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ- અમરેલી ખાતે વિ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી. જેમાં સી. ઓ. એન. એફ.-અમરેલીના આચાર્ય ડો. સ્વપ્નિલ દેશમુખ, મદદનીશ પ્રાધ્યાપક બી. ડી. મકવાણા, રેસોર્સ પર્સન્સ ડો. વિ. બી. ચાવડા, બી. યુ. પરમાર, જેઆરએફ. પી. આર. જાગાણી, ફાર્મ મેનેજર ફૂ. એચ. વિ. ગજેરા તથા વિદ્યાર્થીઓ હાજર રહેલ. સદર કાર્યક્રમમાં 'બીટ પ્લાસ્ટિક પોલ્યુશનની થીમ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમ દરમ્યાન કુલ ૧૦ વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણની જાળવણીની જાગૃતિ અંગે વક્તવ્ય રજૂ કર્યુ હતું અને વિશ્વ પર્યાવરણ દિનનું મહત્વ વિષે જાણકારી આપી હતી અને સે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સ્ટાફમાંથી ડો. વિરભાઈ ચાવડા દ્વારા માનવ જીવન સાથે પર્યાવરણ કઈ રીતે સંકળાયેલ છે, તથા પર્યાવર્ણની માનવ જીવન પર અસર, તેમજ આજના સમયમાં નેચરલ ફાર્મિંગની સાથે પર્યાવરણને સંકલન કરી તેનું જતન કઈ રીતે કરી શકીએ તેના વિષે વિગતવાર માહિતી આપી હતી. ત્યારબાદ બી. યુ. પરમાર દ્વારા પર્યાવરણને સાચવી રાખવું જોઈએ તેમજ આપણે આજના સમયમાં વૃક્ષો વાવો, વધુ વરસાદ લાવો સુવિચાર ને ધ્યાને લઈને પર્યાવરણનું સંરક્ષણ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને વૃક્ષો ઉછેરવા જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમ દરમ્યાન કોલેજના વિદ્યાર્થીઓ તથા સ્ટાફના દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી, આજથી દરેક વ્યક્તિ એક-એક વૃક્ષ વાવીને જતન કરીશું, તેમજ પ્લાસ્ટિકનો ઉપયોગ નહિવત કરીશું. ત્યારબાદ આજના દિવસે અમરેલી કોલેજના કેમ્પસ પર આવેલ ફાર્મ ખાતે આચાર્યના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ ગણ દ્વારા પ્રાકૃતિક કૃષિના પંચસ્તરીય મોડેલ ફાર્મમાં જુદા-જુદા વૃક્ષોનું વાવેતર કર્યુ હતું. જેમાં નારિયેળી, લીંબુ, રાયણ, આંબો, સીતાફળ, જામફળ તેમજ કેળ જેવા બાગાયતી પાકો તેમજ શાકભાઈ, વેળા વાળા શાકભાજી વગેરેનો સમાવેશ હતો. અમારી કોલેજ તેમજ કોલેજના વિદ્યાર્થીઓનું માનવું એવું છે કે, ફક્ત વિશ્વ પર્યાવરણ દિન નિમિતે જ વૃક્ષો વાવવા એવું નહીં પરંતુ આખા વર્ષ દરમ્યાન વૃક્ષો વાવી તેનું જતન કરવું જોઈએ.જેમાં હાલના સમયમાં જ વિદ્યાર્થીઓ દ્વારા ઉજવવામાં આવેલ ડે સેલીબ્રેશનમાં વિદ્યાર્થીઓ દ્વારા જ માત્ર કલ્ચરલડે કે, સ્પોર્ટ ડે જ નહીં પરંતુ પ્લાનટેશન ડે પણ ઉજવવામાં આવેલો હતો. સદર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય અને તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દ્વારા ખુબજ મહેનત કરવામાં આવી હતી.

### ગ્રામ્ય વિસ્તારમાં ઉજવાતો મહત્વનો તહેવાર

## સાવરકુંડલા પંથકમાં ભીમ અગિયારસની આસ્થા અને ઉત્સાહભેરની ઉજવણી

### શહેરીજનો ક્રમશઃ તહેવારને ભુલી રહ્યા છે

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા પંથકમાં આજરોજ જેઠ સુદ અગિયારસના ભીમ અગિયારસ પર્વની લોકો દ્વારા ખૂબ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી આ પર્વને નિર્જળા એકાદશીનું પર્વ તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે ઘણાં ભાવિકો પાણી વગર એકાદશીનું વ્રત કરી નકોરડો ઉપવાસ પણ કરતાં જોવા મળેલ. ભીમ અગિયારસ નિમિત્તે કેરીનું દાન કરવાનું અને આરોગવાનું મહાત્મ્ય રહેલું છે. જો કે બે અગિયારસ હોવાથી અનેક ભાવિકો આજરોજ તો કેટલાક ભાવિકો શનિવારે ભીમ અગિયારસની ઉજવણી કરતાં જોવા મળશે. ભીમ અગિયારસના પર્વ નિમિત્તે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં લોકો નવા કપડાં પહેરી મંદિરોમાં દેવદર્શને પણ જતાં હોય છે. તો મહિલાઓ પણ આજરોજ ગામના સિમાડે નદી કિનારે, નદીના પટમાં (જો નદીમાં પાણી વહેતું ન હોય તો) અથવા કોઈ ફરવા જેવા સ્થળોએ એકઠા થઈને એક મેળા (ગેટ-ટુ-ગેધર) જેવા વાતાવરણ વચ્ચે આ પર્વને મનભરીને માણે છે. મેળામાં ફરફરિયા, ફુગ્ગા અને બાળકોને મનગમતા રમકડાં પણ આ દિવસે વેચાતા જોવા મળે છે અને બાળકો હોંશે હોંશે એ તમામ વસ્તુઓ ખરીદે પણ છે. તો કોઈ વળી ગંજીપાનીબાજીના દાવ પણ લગાવતાં જોવા મળે છે. ખાસ કરીને પત્તા પ્રેમીઓ માટે તો આ પર્વ જાણે જુગાર રમવા માટે જ હોય તેમ આજ સવારથી જયાં પણ તક મળે ત્યાં મિત્રો સાથે




તાશની બાજી લગાવતાં જોવા મળે છે. આ દિવસનો જુગાર એ અમુક લોકો શુકનવંતો પણ માનતાં હોય તો કોઈ શોખ ખાતર પણ એકાદ બાજી ખેલી લે છે. હવે વાત કરીએ ભારતીય સંસ્કૃતિની તો આ દિવસે મહાભારત સમયકાળમાં ભીમે પાણી વગર જેઠ સુદ અગિયારસનું વ્રત કર્યુ હોવાથી આ પર્વને ભીમ અગિયારસ અથવા તો નિર્જળા એકાદશી કહેવામાં આવે છે.

આથી આજરોજ શુક્રવાર જેઠ સુદ અગિયારસના દિવસે અનેક ભાવિકો જળ ગ્રહણ કર્યા વગર નિર્જળ ા એકાદશીનો નકોરડો ઉપવાસ કરી વ્રત કરે છે. તો આ ભીમ અગિયારસ પર્વ નિમિત્તે લોકો કેરી ખાઈને પર્વ ઉજવવાનો મહિમા પણ હોય પરણેલી બહેન અને દીકરીના ઘરે કેરી મોકલવાનો રિવાજ પણ જોવા મળે છે. તો કેટલાક લોકો પરિણીત બહેન અને દીકરીને ઘરે જમવા માટે તેડાવે છે. જે રિવાજ આજે પણ મોટાભાગે લોકો પાળે છે. તદુપરાંત મંદિરોમાં, ગરીબોને, સાધુ સંતોને કેરીનું દાન કરવામાં આવતું જોવા મળેલ. આ વર્ષે કેરી મોંઘી હોવા છતાં લોકો ભીમ અગિયારસના દિવસે કેરી ખાઈને ભીમ અગિયારસની ઉજવણી જોવા મળેલ. આમ આજે ભીમ અગિયારસના દિવસે કેરી ખાવાનું માહાત્મ્ય રહેલું હોય આજના દિવસે કેરી પણ બજારમાં મોંઘા ભાવે વેચાતી જોવા મળે છે. હાલ બજારમાં કેરી રૂ. ૧૦૦ આસપાસ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. ભીમ અગિયારસના શુકનવંતા દિવસે ખેડૂતો સમયસર વરસાદ થયો હોય તો વાવણીનો પ્રારંભ કરતા હોય છે. ત્રણેક દસકા અગાઉ મોટાભાગે વરસાદ સમયસર થતો અને ઋતુચક્ર નિયમિત હતું ત્યારે ભીમ અગિયારસના શુકનવંતા વાવણાં કરવામાં આવતા. ખેડૂતો બળદ કે ટ્રેક્ટર અને તેમના ઓજારોને ચાંદલા કરીને ભીમ અગિયારસના શુકન પણ આજે કરતા જોવા મળેલ.

## ૭ જુન, ''વિશ્વ ખાદ્ય સલામતી દિવસ'' શુધ્ધ આહાર, સ્વસ્થ જીવનનો આધાર




અમરેલી, તા. ૬

વિશ્વનાં દેશોની સરકારો દરેક વ્યકિતને ખોરાક મળે અને કોઈ ભુખ્યા ન રહે એ ઉદ્દેશ્યની ખાતરી કરવા અને સંયુકત રાષ્ટ્રની ફુડ એન્ડ એગ્રિકલ્યર ઓર્ગેનાઈઝેશન (FAO)ની ખાતરી કરવા માટે ૭ જુને ''વર્લ્ડ ફુડ સેફટી ડે''ની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિશ્વની મોટી વસ્તી ગરીબી, ભુખમરાનાં સંકટથી પ્રભાવિત છે અને આ સંકટનાં યુગમાં ઘણા લોકો બે વખતની રોટલી માટે સંઘર્ષ કરી રહ્યા છે. લોકો પોતાનું જીવન પહેલાની જેમ સ્થિર કરવા માટે મથી રહ્યા છે. ત્યારે આ વિશેષ દિવસની ઉજવણીનો હેતુ સંતુલિત અને સુરક્ષિત ખોરાકનાં ધોરણો જાળવવા અને જાગૃતિ ફેલાવવાનો છે અને નબળા આહારનાં વપરાશને લીધે થતા રોગોથી થતાં મૃત્યુની સંખ્યાનો આંકડો ઓછો કરવાનો છે. ખાદ્ય સલામતી સુનિશ્ચિત કરે છે કે ખાદ્ય ઉત્પાદનથી લઈને પાક, પ્રક્રિયા, સંગ્રહ, વિતરણ, વપરાશ પહેલાંની અનુસાર દર વર્ષે ઘણા લોકો દુષિત ખોરાક અથવા બેકટેરિયાવાળા ખોરાકથી બીમાર થાય છે. જે આંકડો કરોડોને પાર કરે છે. ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAl) એ રાજયો ધ્વારા સ્વચ્છ પોષણ યુકત આહાર પુરા પાડવાના પ્રયત્નોના સંદર્ભમાં સ્ટેટ ફુડ ઈન્ડેકસ (SFSl)નો પ્રારંભ કર્યો છે. ઘણી ચીજવસ્તુ પર દર્શાવાતો 'એફ.એસ.એસ.એ.આઈ માર્ક'એ તે પેકેટમાં રહેલો ખોરાક સુરક્ષિત છે. તેમ દર્શાવે છે. વર્તમાન સમયમાં ઘણા યુવાનો કે આધેડ વયના વ્યકિતઓને હાર્ટ એટેકનાં આવવાનાં કિસ્સા જોવા મળ્યા હતાં. તેનું એક કારણ હાઈપર ટેન્શન કે ઓવર સ્ટ્રેસ તો હોય જ પરંતુ એની સાથે સાથે ખાવાની ખોટી આદતો પણ સમાયેલી છે. એક સંશોધન અનુસાર માણસ જયારે વધુ પડતા સ્ટ્રેસમાં હોય છે. ત્યારે એનાં ટેસ્ટ બર્ડસમાં વધુને વધુ જુદા જુદા પ્રકારનાં એન્ઝાઈમ ઉત્પન્ન થતાં રોય છે. જે કાયમ જંક ફુડની માંગણી કરતા રોય છે. તેનું કારણ માણસનાં શરીરમાં પહેલેથી જ જંકફુડથી બનેલા કોષો (સેલ્સ) હોય છે. જે વધુને વધુ જંક ફુડની માંગણીઓ કરતાં હોય છે. માસિક ધર્મનાં સમય દરમિયાન મોટા ભાગે સ્ત્રીઓની પણ આ અવસ્થા જોવા મળે છે. બીજું કારણ માંસાહાર ખાવાની આદત હોઈ શકે કારણ કે તે એક એવો ખોરાક છે. જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણપણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થળે અલ્કલાઈનની નજીક વધુ રહે એ વધુ માંસાહાર કરતાં શાકાહારમાં મળતા ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે. એ વાત આપણે ભુલી જઈએ છીએ કસાયલું સિકસ-પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફુડ-પેકેજ છે. જેમાં જરૂરી વિટામીન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિન્સનો સમાવશે થઈ જાય છે. ભારતમાં ગરીબી, બેરોજગારીનું પ્રમાણ વધુ છે. તેથી શુધ્ધ અને પોષણયુકત આહાર પ્રાપ્ત કરવો એ દરેક વ્યકિત માટે શકય નથી. એવા સમયે અવા નીચી આવક ધરાવતા લોકોને શુધ્ધ આહાર અને પાણી મળી રહે તેનું ધ્યાન સરકાર સહિત તમામ ઉચ્ચ કે મધ્યમ વર્ગનાં લોકોએ પણ રાખવું જોઈએ.

-મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯)

### નેપાળ ખાતે કરાટે સ્પર્ધામાં અગ્રેસર રહીને

## અમરેલીનાં કરન સોજીત્રાએ સમગ્ર જિલ્લાનુ ગૌરવ વધાર્યુ

### ડો. સોલંકીએ માર્ગદર્શન પુરૂ પાડેલ

અમરેલી, તા. ૬

તા. ૨૪/૫ મેના રોજ નેપાળ ના ખાટમંડુ મુકામે યોજાયેલ બીજી ઈન્ટરનેશનલ ઓપન કરાટે ચેમ્પિયન ટુર્નામેન્ટ કરન જે. સોજીત્રાએ કરાટે, કુંગફુ એમ બે અલગ અલગ સ્પર્ધામાં ભાગ લઈ સિલ્વર અને બ્રોન્ઝ એમ બે મેડલ મેળવી સોજીત્રા કુટુંબનું ગૌરવ વધારેલ છે. કરનને કરાટેમાં ઉત્સાહ વધારવા તેમજ પ્રોત્સાહન આપવા તેમના મમ્મી મીરાબેન તથા પપ્પા જતીનકુમારનો સિંહ ફાળો છે. તેમના દાદા બી.એમ. સોજીત્રાની પણ છાતી



ગજગજ ફૂલી છે.

કરનને તેમના કોષ પાર્થ કામાઠી તેમજ માર્ગદર્શક ડો. વિજયભાઈ સોલંકી તરફથી પૂરતી ટ્રેનિંગ પ્રેરણા અને સહયોગ મળેલ છે. તેનું આ પરિણામ છે.

### જિલ્લા સંઘનાં ચેરમેન મનિષ સંઘાણી દ્વારા

## લીલીયા મોટા : શ્રી અમૃત બા વિદ્યાલય ખાતે ઉત્સાહભેર વૃક્ષારોપણ કરાયુ

### અરૂણ પટેલ, આરએફઓ પણ ઉપસ્થિત રહ્યા

લીલીયા મોટા, તા. ૬

આજે ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે લીલીયા મહિલા કેળવણી મંડળ સંચાલિત અમૃત બા વિદ્યાલય ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનિષભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ જેમા સંસ્થાના પ્રમુખ અરૂણભાઈ પટેલ, મંત્રી મગનભાઈ વિરાણી, ટ્રસ્ટી મનસુખભાઈ ચોપડા ધીરૂભાઈ ઉમરેઠીયા, આર.એફ.ઓ.



ગલાણી, સરપંચ જીવનભાઈ વોરા, ફોરેસ્ટર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી એક વૃક્ષ એક જીવનનો સંકલ્પ લઈ વૃક્ષારોપણ કરેલ. સમગ્ર આયોજન આચાર્ય હસમુખભાઈ કરડ, મનોજભાઈ જોષી, કૌશિકભાઈ ભાલોડીયા, જિજ્ઞેશભાઈ ઠુમ્મબર દ્વારા કરવામાં આવેલ.

# સાવરકુંડલા : માર્કેટયાર્ડમાં વૃક્ષારોપણ કરી ''વિશ્વ પર્યાવરણ દિન'' ની ઉજવણી





સાવરકુંડલા માર્કેટયાર્ડમાં આજ રોજ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને ચેરમેન દિપકભાઈ માલાણીની ઉપસ્થિતીમાં વૃક્ષારોપણ કરી આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ અંતર્ગત ''વિશ્વ પર્યારવણ દિન''ની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, માર્કેટયાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, વા.ચેરમેન મહેશભાઈ લખાણી, જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગૌદાન, લાલભાઈ મોર, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રીવેદી, ઉપપ્રમુખ પ્રતીકભાઈ નાકરાણી, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિહ રાઠોડ, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, વરીષ્ઠ આગેવાન જીવનભાઈ વેકરીયા, અરવિંદભાઈ માંગુકીયા, સરપંચ એસોસીએશન પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી, વેપારી મહામંડળ પ્રમુખ સુરેશભાઈ ગજેરા અને ટીમ સાવરકુંડલા એ.પી.એમ.સી અને તાલુકા સંઘના ડીરેકટરઓ મહેશભાઈ જેબલીયા, આર.વી.રાદડીયા, બાબુભાઈ માલાણી, દુર્લભજીભાઈ કોઠીયા, અશ્વીનભાઈ માલાણી, જસુભાઈ ખુમાણ, ઘનશ્યામભાઈ કસવાળા તથા રાજુભાઈ નાગ્રેચા, પ્રકાશભાઈ પાનસુરીયા, પ્રવીણભાઈ કોટીલા, કિશનભાઈ ખુમાણ, સંજયભાઈ બરવાળીયા, આર.એફ.ઓ. ચાંદુ તથા સ્ટાફગણ, એ.પી.એમ.સી.ના સેકેટરી જે.વી. માલાણી અને સ્ટાફગણ, તાલુકા સંઘના મેનેજર રાજુભાઈ માલાણી તથા વેપારીઓ, મજુરભાઈઓ ઉપસ્થિત રહયા હતા. અને પસ્થિત પદાધિકારીઓ તથા મહાનુભાવોના હસ્તે એક-એક વૃક્ષ વાવીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતું. કે વિશ્વના ૧૯૨ જેટલા દેશો આજે ''વિશ્વ પર્યાવરણ દિન''ની ઉજવણીમાં ભાગ લઈ રહયા છે. પર્યાવરણ જનત એ સમગ્ર જીવ સૃષ્ટીના હિતનું અને ભવિષ્યનું કામ છે. વર્તમાન સમયમાં ગ્રીન એનર્જી કે વિશ્વના તાપમાનના કારણે ઓઝોનનાં પડમાં ગાબડા અને ઉષ્ણતામાનમાં વિપરીત ફેરફારો સામે જિવસૃષ્ટીને ટકાવવા માટે વિશ્વના ૧૯૨ જેટલા દેશોએ પર્યારવણ દિને સંકલ્પ કર્યો છે. અને પર્યાવરણનુ જતન માટે વધુમાં વધુ વૃક્ષારોપણ અને વૃક્ષોનો ઉછેર થાય તે જરૂરી છે. દિપકભાઈ માલાણી પોતાના પ્રવચનમાં જણાવેલ કે ૫જુન ના રોજ ઉજવવામાં આવતો આજના વિશ્વ પર્યારવણ દિવસે સંયુકત રાષ્ટ્રસંઘ તરફથી પર્યારવણ સુરક્ષા અને જાગૃતી માટે જરૂરી પ્રવૃતિઓ કરવા નાગરિક ભાગીદારી માટે પ્રોત્સાહિત કરવાનો એક ઉપકમ છે. આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિનની થીમ પ્લાસ્ટીક પ્રદુષણ ઉપર છે. કેમ કે પાછળ ઘણાં વર્ષોથી પ્લાસ્ટીકે માનવીના રોજીંદા ઉપયોગમાં જે પગપેસારો કર્યો છે. તે પર્યારવણ માટે ઘણો જ જોખમી છે. અને આ પ્લાસ્ટીક પ્રદુષણનો વ્યાપ સમુદ્ર સુધી એટલો પહોચ્યો છે. સમુદ્રની જળ સપાટી ઉપર બરફના થરની જેમ પ્લાસ્ટીકના થરો તરી રહયા છે. જે સમુદ્ર અને મહાસાગરોની જીવસૃષ્ટી માટે નામશેષ કરી નાંખે તેવુ જોખમી છે. એટલે વૃક્ષારોપણની સાથે સાથે આજના જગતને પ્લાસ્ટીકના પ્રદુષણ બાબતે જાગૃત કરી પ્લાસ્ટીક માંથી મુકત નહી તો પણ ઓછુ થાય તેવું કરવું જરૂરી છે. નહી તો તેના વિપરીત પરીણામો માનવ સહિત સમગ્ર જીવસૃષ્ટીએ ભોગવવા પડશે. અંતમાં આભાર વિધી સંઘના મેનેજર રાજુભાઈ માલીણીએ કરી હતી.

❖ કોઈપણ પ્રકારની સારણગાંઠ (હર્નિયા)નું નિદાન અને ઓપરેશન
❖ વધરાવળ (હાઈડ્રોસીલ)નું નિદાન અને ઓપરેશન.
❖ પિતાશયની પથરી અને એપેન્ડીક્ષનું દૂરબીનથી ઓપરેશન.
❖ સ્તનની સાદી ગાંઠ અથવા સ્તનના કેન્સરનું નિદાન અને ઓપરેશન.
❖ શરીરમાં ચરબીની ગાંઠ રસોળી કે અન્ય કોઈપણ પ્રકારની ગાંઠનું ઓપરેશન.
❖ પેટના રોગો અને આંતરડાના રોગોનું નિદાન અને સારવાર
❖ આંતરડામાં કાણું (પર્ફોરેશન) કે અટક્યું, (ઓબસ્ટ્રકશન)નું ઓપરેશન.
❖ ડાયાબિટીસ ફુટ, વેરીકોઝ વેઈન (પગની નસોનો ફુલાવો) નું ઓપરેશન.
❖ થાઈરોડની ગાંઠ, પેરોટિડ (લાળગ્રંથિ)ની ગાંઠનું નિદાન અને ઓપરેશન
❖ હરસ–મસા–ભગંદર તથા મળમાર્ગનાં રોગોનું નિદાન અને સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.
❖ મોટા ઘા પર ચામડી લગાવી પ્લાસ્ટિક સર્જરી (Split thickness graft)
આયુષ્માન કાર્ડ અંતર્ગત મફત ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ



ડો.નિલેશ લાલવાણી
M. S.
( જનરલ સર્જન )
હવે આપના અમરેલીમાં જનરલ સર્જન નિયમિત મળશે
ઓપીડી સમય :
સવારે :૧૦:૦૦ થી ૨:૦૦
અને સાંજે : ૫:૦૦ થી ૮:૦૦
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


### ભીમ અગિયારસનાં તહેવાર નિમિત્તે

# અમરેલી જિલ્લામાં જુદા–જુદા સ્થળોએ જુગાર રમતાં ૪૨ પત્તાપ્રેમી ઝડપાયા

## જુદી–જુદી પોલીસ ટીમે ૯૩૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ભીમ અગિયારસના તહેવારમાં કેટલાંક લોકો તહેવારીયો જુગાર રમતો હોય. ત્યારે પોલીસે અલગ અલગ આઠ

અનુસંધાન પાના ૬ ઉપર

### ગેરકાયદેસર રીતે સિંહ દર્શન કરવા માટે

# ખાંભા–તુલસીશ્યામની કોદીયા વીડીમાં અપપ્રવેશ કરનાર પાંચ શખ્સો ઝડપાયા

## વન વિભાગે રૂપિયા ૯૦ હજારનો દંડ વસુલ કર્યો

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં વસવાટ કરતા અતિ કિંમતી એવા એશિયાટીક સિંહને નિહાળવા માટે અમરેલી જિલ્લામાં ગેરકાયદે સિંહ દર્શન કરવા માટેનો જાણે વ્યવસાય ધમધમતો હોય તેમ છાશવારે આવા લાઈન શો કરતાં ઈસમોને વન વિભાગ ઝડપી લઈ અને દંડનીય કાર્યવાહી હાથ ધરે છે છતાં પણ આવા ગેરકાયદેસર લાઈન શો બંધ થતાં નથી. ત્યારે ખાંભા–તુલસીશ્યામ રેન્જનાં

અનુસંધાન પાના ૬ ઉપર



### રાજકીય આગેવાનો માત્ર જાહેરાત કરીને સંતોષ માની લે છે

# દામનગર–ઠાસા માર્ગની મોટા ઉપાડે જાહેરાત થયા બાદ કયારે બનશે, કોણ બનાવશે : રામ જાણે

## રૂપિયા દોઢ કરોડ મંજૂર તો થયા પણ રૂપિયા કયાં છે તે સમજાતું નથી



અમરેલી, તા. ૬

દેશનાં સત્તા પક્ષનાં નગરસેવકથી લઈને પ્રધાનમંત્રી સહિતનાં નેતાઓ દિ'ઉગેને અવનવી વિકાસલક્ષી જાહેરાતો કર્યા કરે છે. પરંતુ જાહેરાત મુજબનાં કેટલા વિકાસકાર્યો વાસ્તવરૂપે થયા છે તે તપાસનો વિષય છે અને દેશવાસીઓ મસમોટી જાહેરાતો રૂપી પાણીથી સ્નાન કર્યા કરતાં હોય છે અને આવી જ એક જાહેરાત થોડા મહિના પહેલા દામનગરનાં ધારાસભ્ય પણ કરી ચુકયા છે.

વિગત એવા પ્રકારની છે કે, દામનગરથી ઠાસા રોડ બિસ્માર હોય સ્થાનિક ધારાસભ્યએ રૂપિયા દોઢ કરોડ મંજૂર થઈ ગયા છે અને ટૂંક સમયમાં જ માર્ગ બની જશે અને વાહનચાલકોને સરળતા ઉભી થશે અને આવી તો અનેક જાહેરાતો કરી. પરંતુ આજે પણ માર્ગનું કામ શરૂ થયું છે. મંજૂર થયેલ દોઢ કરોડ રૂપિયા કયાં અટવાયા તેની તપાસ કરવી જરૂરી બની છે.

### મહેમાનને મુકીને બાઈક સવાર પરત જતાં હોય

# લાઠી : હરસુરપુર દેવળીયા નજીક ટ્રેકટર ચાલકે હડફેટે લેતા બાઈક ચાલકનું મોત

## અજાણ્યા ટ્રેકટર ચાલકની પોલીસે શોધખોળ આદરી

અમરેલી, તા. ૬

મુળ મધ્યપ્રદેશના પેડવા ગામના વતની અને હાલ અમરેલીમાં આવેલ દાદા ભગવાન મંદિર પાછળ લાલજીભાઈ કાનાણીની વાડીએ રહેતા

અનુસંધાન પાના ૬ ઉપર

### છત પરથી પોપડા પડી રહ્યા હોય ગમે ત્યારે અકસ્માતની ભીતિ

# બગસરાના પાલિકા સંચાલિત જર્જરિત બનેલ શાક માર્કેટમાં હેલ્મેટ પહેરીને પ્રવેશ કરવો જરૂરી બન્યો

## પાલિકાનાં શાસકો વિકાસની ગુલબાંગો ફેકવાનું બંધ કરીને ખરા અર્થમાં વિકાસ કરે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૬

બગસરા પાલિકા સંચાલીત શાક માર્કેટ ઘણા સમયથી અતિ બિષ્માર હાલતમાં જોવા મળી રહેલી છે ગમે ત્યારે સ્લેબ ઉપરથી મસ મોટા પોપડા પડતા વેપારીઓ તેમજ ગ્રાહકોનો જીવ જોખમમાં મુકાઈ ગયો છે. આવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ માર્કેટ શહેરની એક માત્ર શાક માર્કેટ હોય જેમાં હજારો લોકોની અવર જવર રહેતી હોય છે. જેમાં એક તરફ શાક માર્કેટની અંદર આવેલ ઓટા ઉપરથી છતમાંથી પોપડા પડી રહ્યા છે. શહેરના લગભગ તમામ લોકો દ્વારા શાકભાજીની ખરીદી માટે જતા હોય છે અને અહીંયા વેચાતું શાક ભાજી લોકો ખાઈ રહેલ હોઈ છે. જયારે એક તરફ અહીંયા ઉભુ રહેવું પણ જોખમી બની ગયું છે. ત્યારે લોકો દ્વારા ફરજિયાત પણે શાક ભાજી લેવા માટે અહીંયા જવું પડતું હોય છે. ત્યારે આ માર્કેટમાં ગમે ત્યારે કોઈ ભયંકર અકસ્માત થવાની ભીતિ સર્જાઈ રહી હોઈ તેવું લાગી રહયું છે. આ પાલિકા સંચાલિત શાકમાર્કેટમાં કોઈ અઘટીત બનાવ બને તે પહેલા પાલિકા દ્વારા નક્કર કામગીરી કરવામાં આવે અને તત્કાલ આ શાક માર્કેટમાં રીનોવેશન કરવામાં આવે તેવી સમગ્ર શહેરના લોકોની માંગ ઉઠી છે. સફાળી પાલિકા દ્વારા ફકત મશ મોટી વાતો કરી લોકો પાસેથી વેરા વધારા લેવા અને સારા રોડ તોડી વિકાસ કરવામાં આવે છે પરંતુ સાચી રીતે વિકાસ નામે મીંડુ વાળી પોતાના ખીચ્ચા ભરવાનું બંધ કરી લોકોના હિતને પ્રયાને લઈને આ શાક માર્કેટમાં હજારો લોકો આવતા હોય છે. તો લગભગ તમામ શહેરીજનોનું જીવ ઉપર ખતરો મંડાઈ રહેલ છે. તો આવા શાક માર્કેટમાં યોગ્ય કરવામાં આવે જેથી લોકોના સ્વાસ્થ્ય સારૂ રહે તેવા નક્કર પગલાં લઈ કામગીરી કરવામાં આવે તેવી લોકોમાં ઉઠી છે.





Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


# : જાહેર નોટિસ :

આથી આ જાહેર નોટિસથી જાણ થાય કે PROJECT TWELVE HENEWABLE POWER PRIVATE LIMITEDS - 2904.29th FLOOR, WORLD TRADE CENTER BRIGDE GATWAY CAMPUS, 2612, DR. RAJKUMAR ROAD, MALLESWARAM- RAJIJNAGAR BANGALORE-560055 ને જણાવવાનું કે,અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વાંડળીયા ગામે ગૌચરની જમીનમાં અનધિકૃત બિન–પરવાનગીથી પ્રવેશ કરી હેવી વિજપોલ ઉભા કરેલ છે. તમોને દુર કરવાની પુરતી તક આપવા છતાય પ્રોજેક્ટ ટ્વેલ્વ રિન્યુએબલ પાવર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના કોન્ટ્રાકટર અને એમને જે કંપનીએ કોન્ટ્રાકટ આપ્યો હોય એને જે કંપનીની પવનચકકી છે તે અને તેને જવાબદાર અધિકૃત કરેલ અધિકારી અગર વ્યકિતએ બિન પરવાનગીથી ઉભુ કરેલ હેવી વિજપોલ દુર કરેલ નથી. જેથી ગૌચરની જમીનમાં અનઅધિકૃત દબાણ કરેલ છે. જે ગ્રામ પંચાયતની જગ્યા હોય ગુ.પંચ.ધારો–૧૯૯૩ ની કલમ ૧૦૮(૧) મુજબ રાજય સરકાર તરફથી ગ્રામ પંચાયતને સંપ્રાપ્ત થયેલી છે. અને તેના ઉપરનું આવુ કોઈપણ નકતર અથવા દબાણ તેમજ અનઅધિકૃત રીતે બિન–પરવાનગીથી પ્રવેશ કરી ઉભુ કરેલ હેવી વિજપોલને દુર કરવાની સત્તા ગુ.પંચ. ધારો–૧૯૯૩ની કલમ ૧૦૫(૨) મુજબ ગ્રામ પંચાયતને મળેલ હોય જે મુજબ પ્રોજેકટ ટ્વેલ્વ રિન્યુએબલ પાવર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના કોન્ટ્રાકટર અને એમને જે કંપનીએ કોન્ટ્રાકટ આપ્યો હોય, અને જે કંપનીની પવનચકકી છે અને તેને જવાબદાર અધિકૃત કરેલ અધિકારી અગર વ્યકિતએ બિન પરવાનગીથી ઉભુ કરેલ હેવી વિજપોલને તમારા ખર્ચે અને જોખમે દુર કરવા છેલ્લી તક આપવામાં આવે છે. જો તેમ કરવામાં કસુર કરશો તો તારીખ 13–0૬–૨૦૨૫ ને શુકવારના રોજ ૧૧:૩૦ કલાકે સ્થળ : ગૌચરની જગ્યા સર્વે નં.–૪૬૦ અ પૈકી ૧ ગ્રામ પંચાયત દ્વારા બિન પરવાનગીથી ઉભુ કરેલ વિજપોલને દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સદરહું હુકમ મળ્યે પ્રોજેકટ ટ્વેલ્વ રિન્યુએબલ પાવર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના કોન્ટ્રાકટર અને એમને જે કંપનીએ કોન્ટ્રાકટર આપ્યો હોય એને જે કંપનીની પવનચકકી છે તે અને તેને જવાબદાર અધિકૃત કરેલ અધિકારી અગર વ્યકિતએ પોતાનો માલ–સામાન, કિંમતી ચીજ વસ્તુઓ, જીવન જીવન જરૂરિયાતની તમામ ઉપયોગી સાધન સામગ્રી ફેરવી નાખવા જણાવવામાં આવે છે. તેમજ તમોએ કરેલ અન અધિકૃત બિન પરવાનગીથી ઉભુ કરેલ હેવી વિજપોલને ગ્રામ પંચાયત દ્વારા દુર કરતી વખતે કોઈપણ પ્રકારની નુકશાન કે જાનહાની થશે તો તેના માટે પ્રોજકેટ ટ્વેલ્વ રિન્યુએબલ પાવર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના કોન્ટ્રાકટર અને એમને જે કંપનીએ કોન્ટ્રાકટ આપ્યો હોય એને જે કંપનીની પવનચકકી છે તે અને તેને જવાબદાર અધિકૃત કરેલ અધિકારી અગર વ્યકિતએ સંપૂર્ણ જવાબદાર રહેશે. તેમજ થનાર તમામ ખર્ચ ગુ.પંચ. ધારાના પ્રકરણ–૧૦માં કરેલ જોગવાઈ મુજબ તમારી પાસેથી વસુલ કરવામાં આવશે અને સ્થળ પર જે કઈ બિન પરવાનગીથી ઉભુ કરેલ વિજપોલને દુર કરતા આનુશાંગિક સામગ્રીને કે કોઈ વ્યકિતને જે કઈ નુકશાન કે જાનહાની થશે તેમા ગ્રામ પંચાયત કે અમો જવાબદાર રહિશું નહી તમારા ખર્ચે અને જોખમે દુર કરવામાં આવશે.જેની ખાસ નોંધ લેશો.

આજ તારીખ : ૦૫ માહે જુન સને–૨૦૨૫ના રોજ મારી સહી તથા ગ્રામ પંચાયત કાર્યાલયનો સિકકો કરી આપવામાં આવ્યો છે.

તારીખ : ૦૫/૦૬/૨૦૨૫
સ્થળઃ ગ્રામ પંચાયત કચેરી
વાંડળીયા

સરપંચ
વાંડળીયા ગ્રામ પંચાયત

શ્રી વાંડળીયા ગ્રામ પંચાયત કચેરી,મુ.વાંડળીયા,તા.બાબરા,જિ.અમરેલી

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)